Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ISSN 0250-975X

ભાષાવિમર્શ

સંપાદક : **હરિવલ્લભ ભાયાણી**

પુસ્તક ૫] [અંક ૧

જાન્યુઆરી : ૧૯૮૨

(પ્રકાશિત : જુલાઈ ૧૯૮૨)

શાન્તિભાઈ આચાર્ય : પોશીના પટ્ટાની ભીલી — 'એદયૂણ ને સેદયૂણ' ૧

અત્રતત્ર : ૧. ભાષાક્ષેત્રીય સંશોધનના પ્રણેતા ૨૯

૨. સિંધુલિપિના ઉકેલ-પ્રયાસો વિશે.

સંપાદકીય : ૩૫

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

- 'ભાષાવિમર્શ'માં ભાષાવિજ્ઞાન તથા ગુજરાતી અને ઇતર ભારતીય ભાષાઓને લગતા મૌલિક સંશોધન-અધ્યયન-લેખો, એમના અનુવાદ, ગ્રંથસમીક્ષા વગેરે પ્રકાશિત થશે.
- વર્ષનાં ૨૦૦થી ૨૫૦ પૃષ્ઠ, ચાર અંક, અનુક્રમે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબરમાં પ્રકાશિત.
- વ્યક્તિ માટે વાર્ષિક રૂ. ૧૫–૦૦, સંસ્થા માટે વાર્ષિક રૂ. ૨૦–૦૦; છૂટક અંકની કિંમત રૂ. ૪–૦૦.
- લવાજમ, વિનિમય માટેનાં સામયિકો વગેરે મોકલવાનું સરનામું :
  મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ
  આશ્રમ માર્ગ, નદીકિનારે, પો.ઑ. નં. ૪૦૬૦, અમદાવાદ – ૩૮૦ ૦૦૯
  [ફોન : ૭૭૯૪૭]
- લેખો અને અવલોકન માટેનાં પુસ્તકો મોકલવાનું સરનામું :

  હરિવલ્લભ ભાયાણી
  ૯, હાઈલેન્ડ પાર્ક, ગુલબાઈ ટેકરો,
  અમદાવાદ – ૩૮૦ ૦૧૫
- પ્રબંધ : વાડીલાલ ડગલી, શિવકુમાર જોષી, રઘુવીર ચૌધરી

'ભાષાવિમર્શ'નું આપનું લવાજમ ગયા અંક સાથે પૂરું થયું હતું. આ વર્ષનો આ પ્રથમ અંક આપને એટલા માટે મોકલેલ છે કે ૧૯૮૨ના વર્ષનું આપનું લવાજમ રૂ. ૧૫/– (સંસ્થા માટે રૂ. ૨૦/–) અને તેટલું વહેલું આપ મોકલી શકો.

પ્રકાશક : રઘુવીર ચૌધરી, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
આશ્રમ માર્ગ, નદીકિનારે, પો.ઑ.નં. ૪૦૬૦, અમદાવાદ – ૩૮૦ ૦૦૯
મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, અમદાવાદ–૧; ફોન : ૩૯૨૫૧૨

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પોશીનાપટ્ટાની ભીલી : 'એદયૂણ ને સેદયૂણ'

શાન્તિભાઈ આચાર્ય

૦ : ૧ કેન્દ્રપરિચય

અહીં આપેલી કથા સાબરકાંઠાના વિસ્તારમાંના ખેડબ્રહ્મા તાલુકાના નાડા ગામેથી મેળવવામાં આવી હતી. આ ગામની કુલ વસ્તી ૧૯૭૧ની ગણતરી મુજબ ૪૬૧ની છે. તેમાં ૨૩૩ પુરુષો અને ૨૨૮ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આમાંથી ૨૨૬ પુરુષો અને ૨૨૫ સ્ત્રીઓ મળીને કુલ ૪૫૧ની વસ્તી અનુસૂચિત જનજાતિની છે.

ગામમાં કુટુંબોની સંખ્યા ૬૭ ની છે, અને વસવાટવાળાં ઘરો ૬૭ છે. એક પ્રાથમિક શાળા છે. અક્ષરજ્ઞાન પામેલાંઓની સંખ્યા ૩૨ પુરુષો અને ૧ સ્ત્રી મળીને કુલ ૩૩ની છે. અત્યાર સુધીમાં ગામમાંથી ભાષકવિશેષ સહિત કુલ ૨ ભાઈઓ એસ. એસ. સી. પરીક્ષા પાસ થયેલા છે તેમ ભાષકવિશેષ જણાવે છે.

પીવાના પાણી અર્થે ગામમાં એક કૂવો છે. આમાં ઉનાળામાં પાણી ખલાસ થઈ જાય છે.

મકાઈ અને જુવાર એ મુખ્ય પાકો છે. લોકોનો મુખ્ય ખોરાક પણ આ છે. ગામને એકે પાકો રસ્તો જોડતો નથી. કાચો રસ્તો છે ખરો.

તાલુકામથક ખેડબ્રહ્માથી ઉત્તરે બરાબર સીધી લીટીમાં લગભગ ૨૫ કિ.મિ.ના અંતરે આ ગામ આવેલું છે. પૂર્વ તરફ અહીંથી રાજસ્થાન રાજ્યની સરહદ શરૂ થાય છે.

૦ : ૨ ભાષકવિશેષ

અહીં મુખ્ય ભાષકવિશેષ તરીકે સોલંકી ધર્મેન્દ્ર જોરાભાઈને પસંદ કરવામાં આવ્યા હતા. તેઓ આદિવાસી ડુંગરી ભીલ છે. આ ભાઈ ૧થી ૭

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ધોરણ સુધી દેમતી આશ્રમશાળામાં ભણ્યા હતા. જ્યારે ૧૦ મું ધોરણ સણાલી આશ્રમશાળામાંથી પસાર કર્યું હતું. ત્યારબાદ આ ક્ષેત્રકાર્યના સમયગાળા દરમિયાન અર્થાત્ માર્ચ ૧૯૮૨માં પાલણપુરના કે. સી. મહેતા વિદ્યાલયમાં પી. ટી. સી. નો અભ્યાસ કરી રહ્યા હતા.

પોતાની ભાષાનું તેમને ભલે ગૌરવ જણાતું ન હતું, પરંતુ તે બોલવામાં તેઓ સંકોચ કે શરમ પણ અનુભવતા ન હતા.

૧ : ૦ ભાષાસામગ્રી

એદયૂણ ને સેદયૂણ

એક હતો રા-જા. એણા રાજાને એ-ક હતી રૉણી. આ રૉણીના પેટે બે કુંવરો જલમા. એક કુંવર વડો થીયો એણાનું નૉમ હતું એદયૂણ અને એણાસુ નનકો કુંવર હતો એણાનુ નૉમ હતું સેદયૂણ. આ બે કુંવરો તો દને ન વતે એતરા રાતે વતેં સેં ને રાતે ન વતે એતરા દને વતેં સેં. એમ કરતાં કરતાં દનરા કણતાં રાત ઝોય ને રાતો કણતાં દનરા ઝોય. આ કુંવર તો દનેદને મોટા થોંય સ્ . એમ કરતાં કરતાં પન્નર વરસોના વૉણા વા-ય ગ્યાં. પેસણયે તો આ કુંવરો મુટીયાર થેં સેં. મુસોના ડો-રા ફુટે સે. પેસણયે તો આ બે કુંવર ભરજોવનમા આવા.

આ બે પા-ઈ એકબીજાના એવા તો ગોઠીયા થય જાંય સ્, એવા તો પેંગા રમેં સ્, પેગા હરે સ્, પેગા ખાયપીએ ને લે-ર કરેં સ્, લેર-પૉણીના ભજીઆ પારે સ્. એમ કરતાં કરતાં આ બે પા-ઈ ભેગા એક ઠોબરામા ખંય સેં. પેંગા ફરે સેં, પેગા અંગે સે, મુતરે સે. ને આ બે પા-ઈ મોટા થય સે. એમ કરતાં કરતાં પેસણ તો અણા બે પાઈઓન પંણવા મુકા. પણે સે એણાવામાં આ બે પા-ઈ પાસાં.શેકાર કરવાનુ પણ સીખા સે.

પેસણયે તો આ બે આય-બાની રઝા લેય સે. કે 'બા, બા, અમે તો ઝાયે શેકાર કરવા. તમે રઝા આલોં તો ઠીક સે નકર પણ અમે તો ઝાઈએ સે શેકાર કરવા.' પેસણયે તો બે પા-ઈ ઘોરે સરવા સાર ઘોરલા તોણીન બારા કાડા સે. તીયાર થાં સેં અને બે પા-ઈ કુદીકુદીને ઘોરલે સ-રાં સેં. ઘોરલે સ-રી અને આઈ-બાની રઝા મૉગે સેં. આ આઈ-બા તો એતરૉંબતોં કુંવરય કે સેં, રુવે સ્, રદળેં સ્ ને કળબળાટ કરે સેં. પણ આ બે ભેરુ તો હેંડી નેકળા સે. આ કુવર તો સા-રે દીસાવામા શેકાર ખેલેં સેં.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એક દનની વાત સેં. એક દન વે બે કુંવર નેસરા ઉગમણી દીસામા શેકાર ખેલવા. શેકાર મળતો નસીં. ભે-ર બપોરીયા દનરા થાં સેં. પેસણ મોટો પા-ઈ એદણ બોલે સે. કે 'પા-ઈ સેદયૂણ?' પેલો કે 'સો પા-ઈ એદયૂણ.' કે 'આપડે આવા એ વાત ખરી પણ હવે આપડે સું કયૂરસું?' પેસણ તો બે પા-ઈ વીસાર કરે સ્. મગરા ઉપર સરીન ઝુવેસ્ તો ક..ણે દુ-ર લીલોલીલો જન્નો દેખે સે. આ બે પા-ઈ ધોલ્લા મારી મેલા સેં. એણી દસામાં ઝાય સે. ઝાયૂન પેસણયો ઝુવે સે તો સીળીસીળી સાય્યા સે ને એક નોનકી ટા-ટી વીરી સે. અળેસી કરી, પોણી પી અને પેસણયો આ પા-ઈ તો સોન્તીસા બીઠા સે.

બે પા-ઈ વાતો કરે સ્ કે 'પાઈ આપુ તો કે નેસરા પણ શેકાર નેં લય ઝાઈએ તો આપણો આબરુ ઝાય. કે સું કરસું?' પેસણયો તો બે ઝણા વીસાર કરો કે એસો શેકાર કરીને સ જાસું. કે એ સ થાય. જમા હો ન હો, મરી ઝાઈએ, કટકા થય ઝઈએ પણ કે ગમે એમ કરીન આપડે શેકાર તો લઈને ઝ ઝાવો. કે 'નયતર આપડે આય-બાને સું આલસું?'

પેસણ તો એસા હેડી નેકળા સેં. અગળ ને અગળ હેડા ઝાય સેં. ઉતરમાં ઝય સેં, પસીમમા ઝય સેં, દખણમા ઝય સેં, ઉગમણા ઝય સેં, બત્તે ફરેસ્ પણ એણાન શેકાર નસીં મળતો. પેસણ તો હેડાહેડા પા-સા વળવાની તીયારીમાં સેં. એનમા રા-ત પરવા આવી સે. અતારું થું સે, સોંજ વેળા થય સે. બે પા-ઈ વીસાર કરે સે કે 'પા-ઈ સેદણ, એ પા-ઈ સેદણ?' કે 'સો પા-ઈ એદયૂણ.' કે 'આપુ કે કે'ર તો નસી ઝાતા. ને આ- રો ઓમ્બો તે ઓમ્બાય ઝઈન સુઈએ. આ તે-ડે વે-ળો સે તે ઈસેં પોણી પીસું, રોટા કરી, ખાઈ ને સુઈ રેસું. પેસણયો તો રાતના પોનાકુટો કરીને રોટા કરી, ખાઈ, ને સુઈ ગ્યાં સેં. પેલો નનકો પા-ઈ સેદણ તો પરો સે એવો સ્ સુઈ ગો સે. મોટા પા-ઈ એદણે પેલા ધોરલાનો સમન ઉતારો સે. સમનનો પોથન્નો કરો સેં ને ઘોરાને ડોમણ દઈને સોરી મેલા સે. પેસણયો સોજવેળા થઈ સે.

પેસણ એ-ક કાસેબ નેસરી સે એ વેળામાસી. કાસબ નેસરી સે ને ઓંબય બોલે સે કે 'સોડાલા, કાસા મોથાનુ મોનવી કોઈ સોંભળે ને તારી ગો-લી ઝો પી ઝાય ને પેટમા ઉતારી દીયે ને વે દાતુન કરે તો મોર પરે, સુપરુ ભરીને મો-ર પરે!' પેસણયો આ પેલો પા-ઈ સોંપળી ઝાય સે. એ તો

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

નખારાનો રાજીરાજી સ થય ઝાય સ઼. પેસણ તો એન તો ઉઙ્ગ આવી ઝાય સ઼ અંને એ પરારવો સુઈ ઝાય સ઼.

પેસણ તો સેદણ ઝાગે સ઼. ઝબકીન બેઠો થય ઝાય સ઼. એણાને સુયણો આવે સ઼. સુયૂણામા બે પા-ઈ ઝુદા ઝુદા થય ગાં સેં. સેદણ તો ઝબકીન બેઠો થય ગો. એણાન તો ઉઙ્ગ આવતી નસીં. બેઠો બેઠો વીસાર મોંડે સ઼, કોગ્ગ્આ મોંડે સ઼. દુરાદુરા કોઈ પેદકો બોલેં સ઼ તે સોંભળાય સ઼. પેસણગો કરીક થો ન તો ઓંબો મુઢે બોલે સ઼ તે સોંભળાય સ઼. ઓંબો કે ‘ડોગરાળા કાસબા, ઝો કાળા મોથાનુ મોનવી સોપળતુ હોયે ને થન ઝો મારીને ખાઈ ઝાય તો એણાન રાઝપાટ મળે. પેલો પા-ઈ સેદણ આ સાંભળી ઝાય સ઼.

પેસણ બે પા-ઈ વેલા ઉઠીન વાતુ કરેં સ઼. એદણ કે કાસબ ઓમ બોલતો તો ને સેદણ કે ઓંબો ઓમ બોલતો તો. પેસણ તો ઓંબાય કેરી લીં ને ગાઠલો કાડે સ઼. પેસણ કાસબો મારે સ઼. સેદણ ગો-લી પી ઝાય સ઼ ને એદણ કાસબો ખાઈ ઝાય સ઼.

પેસણ બે પા-ઈ વેગ્ગાસ અગળ નેસરા સે પણ ઝુદાઝુદા ઝંય સ઼. અવે એક અન્નો ને અન્ની સરે સ઼. અન્ની કે ‘અન્ના રે અન્ના, આપુ તો કે ઝાતા રેયૂજે પણ આ બેય સોમા સોમા સ઼ં તે ઝો બેય એક સાથે ગોળી સુરસ઼ તો એદણની ગોળી સેદણને વાગસ઼ ને સેદણની ગોળી એદણને વાગસ઼.’ પેસણ અન્નો કે કે ‘અન્ની, સોંભયૂળ. આપણું નસીં મરતાં ને એણાને નસીં મરવા દેતા. તું ઓમની ઉગમણી ઝા ને ઉં આથમણો ઝંઉ.’ પેસણયો તો આ બે ઓમ કરીન ઉગમણા–આથમણા ઝાતાં રે સેં.

અવે પેલો મોટો પા-ઈ એદણ ઉગમણો ઝાય્ સ઼્ અને સેદયૂણ આથમણો. પેસણયો ઓમ ધોમતા ન ધોમતા કોરલા મારી મેલાં સ઼ં. ધોરલા ઝોંય સ઼, ધોરલા સુડલાસુટ ઉડે સ઼. ઓમના આમ બા-ર ગાઉ ને તેર ગાઉ એમ ઘણા ગાઉ નેસરી ગા સ઼, એક ખણ્ડસી બીઝા ખણ્ડમા, બે પા-ઈ ઝુદા પરી ઝય સ઼.

પેસણ તો એવો મોટો પા-ઈ હતો એ ઉઝોણનગરીની સીરીએ આવીને બીઠો સ઼. ઉઝોણનગરીની સીરીએં નાકાંમોંસ ઉકયૂડા સ઼. ઉકયૂડા ઉપર બીઠો સ઼. વીસાર કરે સ઼ કે ‘પા-ઈ ઝાતો રો સું થાસ઼?’ પેસણ તે ઉઝણનગરીનો રાઝા એણા દને સ મરી ગો સ઼, પેસણ બત્તાં લોકાં કે ‘અણા રાઝાને એકે દીકરો નતો તે કે આ આથી સ઼ એ આથી માળા લઈન આવે. એ જેણાને પેરાવે એણાને રાઝા કરીએ આપડે.’ પેસણ તો આ આથી

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ખીલતો ખીલતો ખીલતો ગોમબાર આવે સ્ ને પેલો એદણ ઉકયૂડા ઉપર બીસી રૈયૂલો સે. અણોસમાં આવી ફ...ડા...ક એદણને માળો પીરાવે સે. એતણ બત્તા ગોમના તો કોમઠી ન ભાલોરો ન લઈન તો મેતો મારવા આવે સે. આથી તો ટે'ક નસી દેતો. પેસણ કે 'એલા આથીન એક બીઝી પાટી આલો ઝોય સુ થે સે?' આથી તો પાસો ફરતો ફરતો આવીન ડ...પ દઈન પેલા એદણને સ માળા પેરાવે સે. પેસણયો તો બત્તા પેગ્ગા થઈન કે સે 'હેડો, આ ઝોણ સે વીકે સારો સે. આપડે એણાન રાઝા બનાવીએ.' પેસણ તો અણાને રાઝા બનાવો સે. આ એદણ તો રાઝપાટ કરે સ્, પણ પેલો પાઈ સેદણ પુલાતો નસી. એણાને તો ખાવાનુ નસી પાવતુ. દનેરાત ઉગ નસી આવતી. દનેરાતે દુબરો પરે સે.

પેસણ એક દન પેલો નનકો પાઈ સેદણ ફરતો ફરતો લોતપોત થય ઝાય સે ને નંય એનો નંય એનો એ પરતો આકરતો ને એડતો એડતો, પેગે તો ઝારા પેરા સે, પેરવા ખાસરા નસીં, અને આવે સ્ ઉઝોણનગરીમા. અણાન ધો-રો ય મરી ઝાય સે.

આ ઉઝોણનગરીમા એક વોણીયો સે. એણા વોણીયાને પ'ાગા પેગનુ સીરકેલુ યે વેપાર કરવા નસીં ઝાતુ. પેસણ તો આ પેલો સેદણ ઝાઈન બીઠો સે. બીઠો સે ન તો એણા વોણીયાને પ'ાગા પેગનુ સીરકેલુ યે નસી આવતુ એણાના બદલામા કો...ઈ...મોણસો ને મોણસો આવે સ્. કતારો થે સે ને કો...ઈ હુએ ન ધુએ વેપાર થાય સ્.

પેસણ તો અણા વોણીયાને તો થું કે મોનો ને મોનો પણ કોંયૂક અણા આદમીમા સે. એતણ વોણીયો કે 'પાઈ તુ કુણ સે?' પેલો કે 'હું સું સેદયૂણ.' 'તું માર યે નોકરીએ રેયૂસ કે?' 'રઉં કે પણ સું થાય?' પેસણ તો આ નોકરીએ રે સે ને નોકરીનુ બત્તું સુપાળે સે. તોલે સે, વેસે સે, બત્તુ કોમ કરે સે. પેસણ આ વીસપસોટી થઈ દાતુણ કરે સ્, દાતુણની સીરીમાં સુપરુ પ'રીન સોનાનો મો-ર પરે સે. પેસણ તો આ મોરસી મેલ બનાવે સે ને ઓમ બત્તુ, વેપાર મોટો કરે સ્.

પેસણ તો એક દન એણા ગોમની ગોંગલી ઘોસયૂણની સોડી વેગ્ગીસ વેપારે આવે સે. એણીવેળા સેદયૂણ દાતુણ કરતો હોય સ્. એ પેલી ગોગલી ઘોસયૂણની સોડી આવીન ઝુવે સે તો ઓ......થારી મા ન સોદુ, આ સું કે! આ કાળા મોથાનુ મોનવી સે ન આ મો-ર કેમ થાય સે? પેસણ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

તો આ સોડી તો પાસી ઘેર ઝાય સે. ઝઈન કે કે 'આય્યા રે આય્યા, આ પેલો વોણીયાને આવેલો સે એ તો દાતુણ કરે સે ને સોનાનો મોર પરે સે. પેસણ ગોગલી ઘોસયણ વીસાર કરે સે 'કોંયક કરીને અણાનો સોનાનો મોર તો આપરે લેય લી આવી દીકરા.' પેસણ તો ગોગલી ઘોસયણ વેગ્ગીસ મેહું લેવું સે એમ કરીન ઝાય સૂ વોણીયાને. એણીવેળા પેલો સેદણ સે એ દાતુણ કરતો હોય સૂ. સોનાનો મોર પરે સૂ. આ ઝોય્ન પેલી ગોંગલી ઘોસયૂણ તો અણાનો સોનાનો મોર લઈ લેવા કરે સ.

પાસી આવીન પેલી એન સોડીન સણગારે સે. ફેટા ખુસે સે, દોમણી પેરાવે સે, કરમા પેરાવે સે. ને કો...ઈ નખરા કરીને સાણુસીન, બીઝુ ન ઝીલાડી. નવરાવીને પેસણયે પાસી તીયાર કરી દે સે. એમ કરીન પેસણ પેલી સોરી તો ટનાટન થઈ અને સગરદમ ઠમતી ઠમતી ઝાય સૂ. પેસણ પેલો સેદણ સે એણાન એણી સોડી મા પેગી ઝાય સે. પેસણયે એણાન મનમા થું 'ગમે એમ કે મોનો કે ને મોનો પણ અણી સોડીને કોઈક વીસાર સે ખરો.' પેસણ આ સોડીને ને સેદણને તો ગોઠીયે ને ગોઠણીયે ગોથુ થાય સે.

પેસણયે પેલી ગોગલી ઘોસયૂણ આવીન કે સે કે 'ઝમાઈ રે ઝમાઈ, તમે સાઝાસમુર ઑય રો. હેંડો અમારી યેં. થમને બીસારીએ, ખવરાવીએ, પીવરાવીએ, નવરાવીએ ને બત્તુ કરાવીએ.' એમ કરીન પેસણયે તો આ પેલી ગોંગલી ઘોસયૂણને પેલો ઝાય સે. પેલી સોરીને ઘોસયૂણ કે 'બેટા તુમે રાતમા સુવો તેસીવળ ઝમાઈન કેજે કે આ સોનાનો મોર કેમ પરે સે તમારે.' પેસણ સોડીન એદગ્ગ કે સે કે 'હું ગોલી ગળી ગો એતરે મારે સોનાનો મોર પરે સે.' એતણ પેસણ એની આય ને કે સે. એતણ પેલી ગોંગલી ઘોસયૂણ પેલાને કે સે કે 'ઝમાઈ રે ઝમાઈ, અમારે તો એવો રીવાઝ સે કે ઝમાઈ આવે એતરે દોસ ફીલો મેહું ઓગાળીન પીવુ સ પરે. એતરે ઝો થમે ઝમાઈ થાસો થો થમોને દોસ ફીલો મેહું પીવું સ પરસે.' પેલો તો સેરનો પાસેર થઈ ગો સે પાઈ. પેસણયે તો સું કરે ? કે કે 'કોંઈ નંય મા, તમે કો તો કે પી નોખુ.' પેસણયે પી લે સે. પીતાની સાથે સ ઉલખે સે. ઉલખેતામોં સાતે સ પેલી ગોલી હતી એ નેસરી ઝાય સે. પેસણ પેલીએ ગોલી તરકોસમા લેઈન તે'ાઈ નોખીને ગોંગલી ઘોસયૂણ પી ઝાય સે. એતરે ગોગલી ઘોસયૂણને મોર પરે સે. પેલાન તો બાપરાને કાડી મેલો સે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પેલો તો ફરતો ફરતો રાઝાના મેન્લ આગળ ઝાય સે. પેસણ્યો ઝાયૂન ઝુવે સ્ તો એન પા.ઈ રાઝ કરતો હોયૂ સ્. રાઝપાટ કરતો હોય્ સ્, પઙ્ખા ઢુળાતા સે, કો.ઈ હુબે ન ધુબે ફરતો હોય સ્. પેસણુ તો આ સેદણુ સે તે એક દન કું'બારીણુ ઝાય સ્. કુંબારીણે ઝાયૂન પેસણુ આ.સરો લેઈને કે 'બેન રે બેન, મન ઑંય રે.વા દીયો.' પેસણ્યો એ ઈયેં ર્યેસ્. તેંસો એક દન વનમા ઝાય સ્ ને ઝુવે સ્ તો એક બા.બો સે. બાબાને ઝાઈ ને પગે લાગે સે. ને કે સે 'બાબા રે બાબા, મન દુખ સે એવુ દુખ કોઈને નસીં.' બાબા કે 'સું દુખ સે તન?' કે 'બાબા, મને એતરુ બતુ દુખ સે, એતરુ તો અણી દુનીયામા કોઈને નસીં.' કે 'સું સે દીકરા કે.' કે 'ગો.લી પીધી. મારી ગો.લી ગોગલી ઘોસયૂણ કાડીન પી ગઈ સે.' તો કે 'એમ કર. આ ચંને એક ઉડણકુટો આલું સ્. આ કુટો તુ ઝેમ કેયૂસ્ એમ કરસેં.'

પેસણ તો કે 'ઉડણકુટો ને આવી આ રાખ લેઈન ઝા. એ રાખ સુઙ્ગારજે.' પેસણ આ આવે સ્ પાસો. ફરીન કુ.બારને રે સેં. પેસણ એના રાઝમા અબરતન વા.રા સે રાતફેરી ફરવાના. રાતના આ ગોગલી ઘોસયૂણ નેસુરી સે. પેલો સેદણ કે 'તમે આવો, મારે થોરુક કોમ સેં.' પેસણ પેલીન રા.ક સુઙ્ગારી દીયે સે. રાખ સુઙ્કતામા સ પેલી હતી તે ગ.તેરી થય ઝાય સે. પેસણ્યો તો આખી રા.ત આખા ગામમાં ગ.તેરા ભુંકા કરે સે ને પાટવા ન બાટવા મારે સે. પેસણ રાઝાને ખબર થાય સે. રાઝા પેસણ કે 'આઝ કેણાનો વા.રો હતો? આખી રાત ગ.તેરા ભુકાં સે.' પેસણ વાત આવે સે કે આઝ ગોગલી ઘોસયૂણનો ફેરો હતો. ગોગલી–ઘોસયૂણને સાદી તો ગોગલી ઘોસેયૂણું મળે સ નેં. પેસણ ગોગલી ઘોસયૂણની સુરી કે સે કે 'સોમા કુબારયૂણ રેં સેં ઈનો આદમી માર આઈન લેઈ ગો સે ને ગ.તેરી કરી નોખી સે.'

પેસણ તો આ રાઝા સે એદયૂણ, સપાઈને મોકલે સે. સપાઈ ઝઈન કયે સે 'કોણ સે? કયા કામ કરતા સે?' ડણ્ડો વતારીન એક ડણ્ડોં ઠોકી દીયે સે. બીઝો ઠોકે સે. પેસણ પેલો સેદણ તો કે સે કે 'અવે ખરો લાગ આવો સે. ઉડ, ઉડણકુટા.' પેલાને તો સ...ડ...ડ...ડ દેઈન માથે સરો સે. હુબાહુબ હુબાહુબ આડો અવરો પરતો ઝાય સે. સપાઈ નાસતો ઝાઈન રાઝાના પેગમા પરે સે. કે 'રાઝા રે રાઝા, આ નર તો મારી સકાય નેંય.' પેસણ્યો રાઝા કે 'બત્તા આપરા સપાઈ આવો. બત્તા ઝોવ કે કુણ સે એવો તે એ ટી'ક

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

નસી દેતો ?' સપાઈ 'મ્યાં' આવે સ. આખી સેરી પરાઈ ગઈ સે. પેલી કુભારેયૂણનુ કેર તો આખુ પરાઈ ગું સે.

પેસણ પેલાય તોણીન બા-રો કાડો સે. તોણીન બા-રો કાડો સે ને બત્તા ઉતર પરા સે. પેસણયો પેલો કે સે કે 'ઉડ, ઉડણકુટા.' એમ કેતા સ ઉડણકુટો ઉડો સે. ખણ્ડખીટ...ખણ્ડખીટ...ખણ્ડખીટ આ એકાને પરો ને બીઝાને પરો ને. તીઝાને પરો ને સોથાને પરો ને એમનમ કુટો હુબતબ હુબતબ હુબતબ કરીન બત્તાને સ ટોપીઓ ને બીઝુન ફાડી નોખે સે. બત્તા સ પેસણ ઉતરી પરાં સે. ત્યાથી આખરતા ન પરતા ન નાઠા સે. ઝઈન રાઝાને પેગે લાગે સે.

પેસણયો રાઝા કે 'માર નગરીમા વળી આવો કુણ બાદુર આવો ? માર પા-ઈ સે કે એને ઝેવો બીઝો કોઈ સે ?' પેસણ તો આ પા-ઈ એદણ આવીન કે સે 'કુણ સે નર તુ ? બારો નેસ્યૂર.' અતરે સેદણ કેરમાસો બા-રો નેસેરે સે. એદણ ઓરખી ઝાય સે. બે પા-ઈ રુવે સ, રતજે સ. પેસણયો તો પેલો બત્તી વાત કરે સ. કે 'પા-ઈ આપડે સુટા પયૂરા પસી મારે મુઢામા ગો-લી હતી એ ઓલી ગોગલી ધોસયણે કા-ડી લીદી સે અને ઈ જ્યા પી ગઈ સે. પેસણ તો પેલો એદણ સે ઈ કે સે 'કે-સે ઈ ગોગલી ધોસયૂણ ?' કે 'આ રઈ' કે 'એણીન ગતેરીમાસી પાસી ગોંગલી ધોસયૂણ બનાવી દે.' પેસણયો પેલી રાક રાખેલાં ઈ સુંકારે સ તે સહુકતામા સ ગોગલી ધોસયૂણ થય ઝાય સે. પેસણ ગોગલી ધોસયૂણ તો ઝઈન પગે લાગે સે, આંઈબાપો કરે સે. પેસણ કે સે 'બાપસી મારી આતરી પુ-લ થય ગય સે. કોંય કરીન મને મેલાવો. મન તો આખી રાત તો-ડી સ નોખી સે.' પેસણ રાઝા કે 'ગો-લી કાડ.'

પેસણ દોસ ફીલો મેંઠું ઓગાળીન પીયારે સેં. ગો-લી ઉલખેની સાતે સ નેસરી ગઈ સે. પેસણ ગો-લી તોઈન સેદયૂણ પી લે સે. પેસણ આ બે પા-ઈ પેળા થયૂન ગોગલી ધોસયૂણને માથુ બોડુ કરાવી, માથા ઉપર સુનો થથેડી, ઉંતે ગતેરે આખા ગોમમા ફેરવીને ગોમ બા-ર કાડી મેલે સે. પેસણ બે પા-ઈ પેગા થઈ રાઝપાટ કરે સ.

પેસણ સેદણ કને ઉડણકુટો સે એણા ઉડણકુટા ઉપર બેસીને બે પા-ઈ કે 'ઉડ ઉડણકુટા, અમારા બાને મે-લ ઉપર ઉતર.' પેસણયો બે પા-ઈ ઉડીને એણાન બાસને આવીને ઉતરે સે. પેસણ બત્તાં ભેગો થોંય સેં. એના આય-બા રોવે સ. પેસણ ખાય, પીએ ને લે-ર કરે સે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અવે મારી વાત પુરી થાય સે. ઓણુ આવઝો મોન્ર ને પોર ક્યૂરસું વાંત.

૧ : ૧ ગુજરાતી ભાષાન્તર

એદણ અને સેદણ

એક હતો રાજા. એ રાજાને એક હતી રાણી. આ રાણીના પેટે બે કુંવરો જન્મ્યા. એક કુંવર મોટો થયેલો તેનું નામ હતું એદણ અને તેનાથી નાનો કુંવર હતો તેનું નામ હતું સેદણ. આ બંને કુંવરો તો દિવસે ન વધે એટલા રાતે વધે છે અને રાતે ન વધે એટલા દિવસે વધે છે. એમ કરતાં કરતાં દિવસો ગણતાં રાત જાય છે અને રાતો ગણતાં દિવસો જાય છે. આ કુંવરો તો દિવસે દિવસે મોટા થાય છે. એમ કરતાં કરતાં પંદર વરસોનાં વહાણાં વાઈ ગયાં. પછી તો આ કુંવરો કિશોરઅવસ્થામાં આવે છે. મૂછોના દોરા ફૂટે છે. પછીથી તો આ કુંવર ભરજુવાનીમાં આવે છે.

આ બંને ભાઈ એકબીજાના એવા તો જિગરજાન થઈ જાય છે કે તેઓ તો ભેગા રમે છે, ભેગા હરે છે, ભેગા ખાયપીએ અને લેર કરે છે, લેર પાણીના ભજીઆં પાડે છે. એમ કરતાં કરતાં, આ બે ભાઈ ભેગા એક થાળીમાં ખાય છે, ભેગા ફરે છે, ભેગા હગે છે, મૂતરે છે ને મોટા થાય છે. એમ કરતાં કરતાં પછી આ બે ભાઈને ભણવા મૂક્યા. ભણે છે તેવામાં જ આ બે ભાઈ પાછા શિકાર કરવાનું પણ શીખ્યા છે.

પછી તો આ બંને મા–બાપની રજા લે છે. કહે 'બાપુ, બાપુ, અમે તો શિકાર કરવા જઈએ. તમે રજા આપો તો સારું, નહીંતર પણ અમે તો શિકાર કરવા જઈએ છીએ.' પછી તો બંને ભાઈએ ઘોડે ચડવા માટે ઘોડાઓને ખેંચીને બહાર કાઢ્યા છે, તૈયાર થયા છે અને છલાંગ મારીને ઘોડે ચડ્યા છે. ઘોડે ચડી અને માબાપની રજા માગે છે. માબાપ તો કુંવરોને એટલું બધું સમજાવે છે, રોકકળ કરે છે અને કલ્પાંત કરે છે, પણ આ બંને ભાઈ તો ચાલી નીકળ્યા છે. આ કુંવરો તો ચારે દિશાઓમાં શિકાર ખેલે છે.

એક દિવસની વાત છે. એક દિવસ આ બંને કુંવર પૂર્વદિશામાં શિકાર કરવા નીકળ્યા. શિકાર મળતો નથી. ખરો બપોર થઈ ગયો છે. પછી મોટો ભાઈ એદણ કહે છે 'ભાઈ સેદણ?' પેલો ઉત્તર આપે છે કે 'હં ભાઈ એદણ.' પેલો કહે 'આપણે આવ્યા એ વાત સાચી, પણ હવે આપણે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

શું કરશું ?' પછી તો બંને ભાઈ વિચાર કરે છે. ડુંગરા પર ચડીને જુવે છે તો ધ...ણે દૂ...ર લીલું લીલું ઝરણું દેખાય છે. આ બંને ભાઈએ ઘોડા મારી મૂક્યા છે. એ દિશામાં જાય છે. જઈને પછી જુવે છે તો ઠંડી છાયા છે અને એક ઠંડી નાનકડી વીરડી છે. ઉલેચ્યા પછી પાણી પી અને પછીથી આ બંને ભાઈ શાંતિથી બેઠા છે.

બંને ભાઈ વાતો કરે છે કે 'ભાઈ આપણે નીકળ્યા તો ખરા, પરંતુ જો શિકાર નહીં લઈ જઈએ તો આપણી આબરુ જવાની. તો શું કરશું ?' પછી તો બંને જણાએ વિચાર કર્યો કે 'અહીંથી શિકાર કરીને જ જશું. એ જ થાય. જમ્યા હોઈએ કે ન હોઈએ, મરી જઈએ, કટકા થઈ જઈએ પરંતુ ગમે તેમ કરીને આપણે શિકાર તો લઈને જ જવો. નહીં તો આપણે માબાપને શું આપશું ?'

પછી તો અહીંથી ચાલી નીકળ્યા છે. આગળ ને આગળ ચાલ્યા જાય છે. ઉત્તરમાં જાય છે, પશ્ચિમમાં જાય છે, દક્ષિણમાં જાય છે, પૂર્વમાં જાય છે, બધે ફરે છે, પણ એમને શિકાર મળતો નથી. પછી તો ચાલતાં ચાલતાં પાછા ફરવાની તૈયારીમાં છે, એવામાં રાત પડવા આવી છે. અંધારું થયું છે. સાંજનો સમય થયો છે. બંને ભાઈ વિચાર કરે છે. (મોટો) કહે 'ભાઈ સેદણ, એ ભાઈ સેદણ!' (તો નાનો ઉત્તર આપે) કે 'હં ભાઈ એદણ.' (પેલો કહે) 'આપણે ઘેર તો નથી જતા. ને આ રહ્યો આંબો. તે આંબે જઈને સૂઈએ. તેની બાજુમાં વહેળો છે તે ત્યાં પાણી પીશું, રોટલા બનાવી, ખાઈને સૂઈ રેશું.' પછીથી તો રાતે પાનાકુટો* કરી, રોટલા કરી, ખાઈને સૂઈ ગયા છે. પેલો નાનો ભાઈ સેદણ તો પડયો તેવો જ સૂઈ ગયો છે. મોટા ભાઈ એદણે ઘોડા પરથી સામાન ઉતાર્યો છે. સામાનનું પાથરણું કર્યું છે અને ઘોડાને ડામણ દઈને છોડી મૂકયા છે. પછી સાંજ પડી ગઈ છે.

પછી એ વહેળામાંથી એક કાચબો નીકળ્યો છે. આ કાચબો આંબાને કહે છે કે 'છોતલાળા, કોઈ કાચા માથાનું માનવી આ સાંભળે અને તારી ગોટલી પી જઈને પેટમાં ઉતારી દે ને પછી તે દાતણ કરે તો (તેના મોઢામાંથી) સોનામહોર પડે, સૂપડું ભરીને સોનામહોર પડે!'

---

* ખાખરાના બે પાનની વચ્ચે મકાઇના લોટની કણક મૂકીને આગ પર શેકીને તૈયાર કરેલો રોટલો

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પછી આ પેલો ભાઈ સાંભળી જાય છે. એ તો ખૂબ રાજીરાજી થઈ જાય છે. પછીથી તેને તો ઊંઘ આવી જાય છે. અને તે ઘસઘસાટ ઊંઘી જાય છે.

પછી તો સેદણ જાગે છે. ઝબકીને બેઠો થઈ જાય છે. તેને સ્વપ્નું આવે છે. સ્વપ્નામાં બંને ભાઈ છૂટા પડી ગયા છે. સેદણ તો ઝબકીને બેઠો થઈ ગયો. તેને ઊંઘ આવતી નથી. બેઠોબેઠો વિચાર કરે છે. કાન માંડે છે. દૂરદૂર કોઈ પક્ષી બોલે છે તે સંભળાય છે. પછી ઘડીક થઈને તો આંબો મોટેથી બોલે છે તે સંભળાય છે. આંબો કહે 'ઢાલિયા કાચબા, જો કાચા માથાનું માનવી સાંભળતું હોય અને તને જો મારીને ખાઈ જાય તો તેને રાજપાટ મળે.' પેલો ભાઈ સેદણ આ સાંભળી જાય છે.

પછી બંને ભાઈ વહેલા ઊઠીને વાતો કરે છે. એદણ કહે કાચબો આમ બોલતો હતો અને સેદણ કહે આંબો આમ બોલતો હતો. પછીથી આંબાની કેરી લઈને ગોટલો કાઢે છે. પછીથી કાચબાને મારે છે. સેદણ ગોટલી પી જાય છે અને એદણ કાચબાને ખાઈ જાય છે.

પછી બંને ભાઈ વહેલા જ આગળ નીકળ્યા છે, પરંતુ જુદાજુદા જાય છે.

હવે એક હરણ અને હરણી ચરે છે. હરણી કહે 'હરણ, ઓ હરણ, આપણે તો જતા રહીએ, પરંતુ આ બંને સામસામા છે અને બંને જો એકસાથે ગોળી છોડશે તો એદણની ગોળી સેદણને વાગશે અને સેદણની ગોળી એદણને વાગશે.' પછી હરણ કહે કે 'હરણી, સાંભળ. આપણે ન મરીએ અને તેમને પણ મરવા નહિ દઈએ. તું આ તરફ ઉગમણી જા અને હું આથમણો જઉં.' પછી આ બંને તો આમ કરીને ઉગમણા-આથમણા જતાં રહે છે.

હવે પેલો મોટો ભાઈ એદણ ઉગમણો જાય છે અને સેદણ આથમણો. પછી આમ દોડતાં ને દોડતાં ઘોડા મારી મૂક્યા છે. ઘોડા જાય છે. ઘોડા તો એકદમ થનગનતા દોડ્યા જાય છે. એમ ને એમ બાર ગાઉ, તેર ગાઉ ને ઘણા ગાઉ નીકળી ગયા છે, એક ખંડથી બીજા ખંડમાં. પછી બંને ભાઈ જુદા પડી જાય છે.

પછી તો આ મોટો ભાઈ હતો એ ઉજ્જેણીનગરની શેરીએ આવીને બેઠો છે. ઉજ્જેણીનગરીની શેરીએ નાકામાં જ ઉકરડા છે. આ ઉકરડા પર બેઠો છે. વિચાર કરે છે કે 'ભાઈ તો જતો રહ્યો. શું થશે?' હવે ઉજ્જેણી-નગરીનો રાજા આ દિવસ જ મરી ગયો છે. પછી બધા લોકો કહે કે 'આ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

રાજાને એકે દીકરો હતો નહીં. તો આ હાથી છે તે માળા લઈને આવે. એ જેને પહેરાવે તેને આપણે રાજા બનાવીએ.' પછી તો આ હાથી ઝૂલતો ઝૂલતો ઝૂલતો ગામની બહાર આવે છે અને પેલો એદણ ઉકરડા ઉપર બેસી રહેલો છે. એની પાસે જ આવી અને ફડાક દઈને એદણને માળા પહેરાવે છે. આથી ગામનાં બધાં તો તીરકામઠાં લઈને દોડતા મારવા આવે છે. પણ હાથી તો ગાંઠતો નથી. પછી (લોકો) કહે 'હાથીને ફરી વાર આમ કરાવો. શું થાય છે તે જોઈએ.' હાથી તો પાછો ફરતો ફરતો આવીને ડ...ફ દઈને પેલા એદણને જ માળા પહેરાવે છે. પછી તો બધાં ભેગા થઈને કહે છે 'ચાલો, આ માણસ છે તે સારો છે. આપણે તેને રાજા બનાવીએ.' પછી તો આને રાજા બનાવ્યો છે. આ એદણ તો રાજપાટ કરે છે, પણ પેલો ભાઈ સેદણ ભુલાતો નથી. તેને તો ખાવાનું ભાવતું નથી, ઊંઘ નથી આવતી. અને રાતદિવસ દૂબળો થતો જાય છે.

પછી એક દિવસ પેલો નાનો ભાઈ સેદણ ફરતો ફરતો લોથપોથ થઈ જાય છે. નથી અહીંનો કે નથી ત્યાંનો. તે પડતો–આખડતો, ચાલતો ચાલતો – પગમાં તો ઝાંખરાં ભરાઈ ગયાં છે, પહેરવા જોડાં પણ નથી – ઉજ્જેણીનગરીમાં આવે છે. એનો ઘોડો પણ મરી જાય છે.

આ ઉજ્જેણીનગરીમાં એક વાણિયો છે. એ વાણિયાને ત્યાં કોઈ રડયું–ખડયું પણ દુકાને ચડતું નથી. પછી આ સેદણ જઈને બેઠો છે. એ બેઠો છે તો એ વાણિયાને કોઈ રડયુંખડયું (ઘરાક) પણ નો'તું આવતું એના બદલામાં કાંઈ માણસો જ માણસો આવે છે, કતાર લાગે છે, ધમધોકાર વેપાર થાય છે.

પછી એ વાણિયાને થયું કે માનો ન માનો પણ આ માણસમાં કંઈક છે. એને વાણિયો કહે 'ભાઈ, તું કોણ છે?' પેલો કહે 'હું સેદણ છું.' (વાણિયો કહે) 'તું મારે ત્યાં નોકરીમાં રહીશ?' (પેલો કહે) 'રહું. બીજું શું થાય?' પછી તો આ નોકરીમાં રહે છે અને નોકરીનું બધું (કામ) સંભાળે છે. જોખે છે, વેચે છે ને બધું કામ કરે છે. પછી આ ઉબકા કરતો કરતો દાતણ કરે છે. દાતણની ચીરીમાં સૂપડું ભરીને સોનામહોર પડે છે. પછી તો સોનામહોરમાંથી આ મહેલ બનાવે છે અને બધો વેપાર–વણજ પણ વિસ્તારે છે.

પછી એ ગામની ગાંગલી ઘાંચણની છોકરી વહેલી દુકાને આવે છે. આ વખતે સેદણ દાતણ કરતો હોય છે. એ પેલી ગાંગલી ઘાંચણની છોકરી

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આવીને જુવે છે તો ? ઓત્તારી...ની ! આ શું ? આ કાળા માથાનો માનવી છે એને વળી સોનામહોર કેમ પડે છે ? પછી આ છોકરી તો ઘેર પાછી જાય છે. જઈને (તેની માને) કહે કે 'મા, ઓ મા, પેલો વાણિયાને ત્યાં આવ્યો છે. એ તો દાતણ કરે છે ને સોનામહોર પડે છે.' પછી ગાંગલી ઘાંચણ વિચાર કરે છે. 'કશુંક કરી ને આની સોનામહોર તો આપણે લઈ આવવી જોઈએ બેટા.' પછી તો ગાંગલી ઘાંચણ વહેલી મીઠું લેવાના બહાને વાણિયાને ત્યાં જાય છે. એ વખતે પેલો સેદણ છે તે દાતણ કરતો હોય છે. સોનામહોર પડે છે. આ જોઈને પેલી ગાંગલી ઘાંચણ તો એ સોનામહોર લઈ લેવાના ઘોડા ઘડે છે.

પાછી (ઘેર) આવીને પેલી પોતાની છોકરીને શણગારે છે. ફેટા ખોસે છે, દામણી પહેરાવે છે, ઘરમા પહેરાવે છે અને (આવા) કંઈક નખરાં કરી, સાબુથી નવરાવી-ધોવરાવીને એ તો પાછી તૈયાર કરી દે છે. એમ કરી પેલી છોકરી તો ઠીકાઠીકની તૈયાર થઈ અને ચોતરફ ઠમકા કરતી જાય છે. પછી પેલો સેદણ છે ત્યાં તેની માની સાથે આ છોકરી જાય છે. પછી પેલાના મનમાં થયું કે 'ગમે તેમ હોય, માનો ન માનો પણ આ છોકરીને કંઈક વિચાર છે ખરો !' પછી આ છોકરી અને સેદણનાં તો લગન નક્કી થાય છે.

પછી પેલી ગાંગલી ઘાચણ આવીને કહે છે કે 'જમાઈ, ઓ જમાઈ, તમે સાજા-નરવા અહીં રહો. ચાલો અમારે ઘેર. તમને બેસાડીએ, ખવરાવીએ, પીવરાવીએ, નવડાવીએ ને બધું કરાવીએ.' એમ કરીને પછી આ તો પેલી ગાંગલી ઘાંચણને ત્યાં જાય છે. ગાંગલી ઘાંચણ તેની છોકરીને કહે 'બેટા તમે રાત્રે સૂવો તે વખતે સોનામહોર કેમ પડે છે તે જમાઈને પૂછી લેજે.' પછી (પૂછતાં) છોકરીને એદણ કહે છે કે 'હું ગોટલી ગળી ગયો છું તેથી મારે સોનામહોર પડે છે.' એ (છોકરી) પછી આ તેની માને કહે છે. એટલે પેલી ગાંગલી ઘાંચણ પેલાને કહે છે કે 'જમાઈ, ઓ જમાઈ, અમારે તો એવો રિવાજ છે કે જમાઈ આવે એટલે દસ કિલો મીઠું ઓગાળીને પીવું જ પડે. એટલે જો તમે જમાઈ થશો તો તમારે દસ કિલો મીઠું પીવું જ પડશે.' પેલો તો બકરી બેં થઈ ગયો છે. પણ શું કરે ? કહે કે 'કાંઈ નહીં, મા, તમે કહો તો પી જઉં.' પછી પી લે છે. પીધાં ભેગો જ ઓકે છે. ઓકતાંની સાથે જ પેલી ગોટલી બહાર નીકળી પડે છે. પેલી (ગાંગલી ઘાંચણ) એ ગોટલી થાળમાં લઈ ધોઈ નાખી અને પોતે પી જાય છે. આથી ગાંગલી ઘાંચણને સોનામહોર પડે છે. પેલાને તો બિચારાને કાઢી મૂકયો છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પેલો તો ફરતો ફરતો રાજાના મહેલ પાસે જાય છે. ત્યાં જઈને જુવે છે તો એનો ભાઈ રાજ કરતો હોય છે, રાજપાટ કરતો હોય છે, પંખા ઢોળાય છે અને ઠાઠમાઠથી ફરતો હોય છે. પછી આ સેદણ તો એક દિવસ કુંભારણને ઘેર જાય છે. કુંભારણને ત્યાં જઈને બેસીને કહે 'બેન, ઓ બેન, મને અહીં રહેવા દો.' પછી એ ત્યાં રહે છે. ત્યાંથી એક દિવસ વનમાં જઈને જુવે છે તો એક બાવો છે. બાવાને પગે લાગે છે અને કહે છે કે 'બાબા, ઓ બાબા, મને જેવું દુખ છે એવું કોઈને નથી.' બાવો કે 'તને શું દુઃખ છે?' (પેલો) કે 'બાબા, મને એટલું બધું દુઃખ છે, એટલું તો આ દુનિયામાં કોઈને નથી.' (બાવો) કહે 'શું છે દીકરા કહે.' (પેલો) કહે 'ગોટલી પીધી હતી તે મારી ગોટલી ગાંગલી ઘાંચણ કાઢીને પી ગઈ છે.' તો (બાવો) કહે 'એમ કર. આ તને એક ઉડણકુટો આપું છું. આ કુટો તું જેમ કહીશ તેમ કરશે.' પછી કહે 'ઉડણકુટો અને આ રાખ લઈને જા. એ રાખ સૂંઘાડજે.' પછી આ પાછો આવે છે. ફરીને કુંભારને ત્યાં રહે છે. પછી એ રાજમાં રાતફેરી ફરવાના એક પછી એકના ચાલુ વારા છે. રાતની ગાંગલી ઘાંચણ (વારામાં) નીકળી છે. પેલો સેદણ (તેને) કહે 'તમે આવો. મારે થોડુંક કામ છે.' પછી પેલીને રાખ સૂંઘાડી દે છે. રાખ સૂંઘતામાં તો તે ગધેડી બની જાય છે. પછી તો આખી રાત આખા ગામમાં ગધેડાં ભૂંક્યાં કરે છે અને લાતંલાત કરે છે. પછી રાજાને ખબર પડે છે. રાજા પછી કહે 'આજે કોનો વારો હતો? આખી રાત ગધેડાં ભૂંક્યાં છે.' પછી ખબર પડે છે કે આજે તો ગાંગલી ઘાંચણનો વારો હતો. ગાંગલી ઘાંચણને બોલાવી તો ઘાંચણ મળે જ નહીં. પછી તેની છોકરી કહે છે કે 'સામે કુંભારણ રહે છે તેનો માણસ મારી માને લઈ ગયો છે અને ગધેડી બનાવી દીધી છે.'

પછી તો આ રાજા બેદણ, સિપાઈઓને મોકલે છે. સિપાઈ જઈને કહે છે 'કોણ છે? કયા કામ કરતા છે?' દંડો બતાવીને એક દંડો તો મારી દે છે. બીજો પણ મારે છે. પછી પેલો સેદણ કહે છે કે 'હવે ખરો લાગ આવ્યો છે. ઉડણકુટા ઊડ.' પેલાને સડડડ કરતો માથે ચડી ગયો છે. ધડાધડ ધડાધડ આડોઅવળો પડતો જાય છે. સિપાઈ તો પાછા જઈને રાજાના પગમાં પડે છે. કહે 'રાજાજી, રાજાજી, આ પુરુષ તો મારી શકાય તેવો નથી.' પછી રાજા કહે 'આપણા બધા જ સિપાઈઓ આવો. બધા જ જાઓ. એવો કોણ છે કે ગાંઠતો નથી?' સિપાઈઓ ત્યાં આવે છે. આખી શેરી ભરાઈ જાય છે. પેલી કુંભારણનું ઘર તો આખું ભરાઈ ગયું છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પછી પેલાને તો ખેંચીને બહાર કાઢયો છે. અને બધા (તેની પર) તૂટી પડયા છે. પછી પેલો કહે 'ઊડ ઉડણકુટા.' આટલું કહેતાં જ ઉડણકુટા ઊડે છે. ધડાધડ ધડાધડ ધડાધડ એકને પડયો, બીજાને, ત્રીજાને, ચોથાને પડયો અને એમ ને એમ ઉડણકુટાએ તો ધમાચકડી મચાવીને ટોપીઓ અને બીજું ફાડી નાખ્યાં છે. પછી બધા પાછા ભાગ્યા છે. પડતા–આખડતા ભાગ્યા જાય છે. જઈને રાજાને પગે લાગે છે.

પછી રાજા કહે 'મારી નગરીમાં વળી આવો બહાદુર કોણ આવ્યો ? મારો ભાઈ છે કે તેના જેવો બીજો કોઈ છે ?' પછી તો એદણ આવીને કહે છે 'તું કોણ છે ભાઈ? બહાર આવ.' એટલે સેદણ ઘરમાંથી બહાર નીકળે છે. એદણ ઓળખી જાય છે. બંને ભાઈઓ રુવે છે, રોકકળ કરે છે. પછી પેલો બધી વાત કરે છે. કહે 'ભાઈ, આપણે છૂટા પડયા પછી મારા મોઢામાં ગોટલી હતી એ ગાંગલી ઘાંચણે કાઢી લીધી છે. અને એ (ગોટલી) પોતે પી ગઈ છે.' પછી એદણ કહે છે 'કયાં છે એ ગાંગલી ઘાંચણ?' (પેલો) કહે 'આ રહી.' (એદણ) કહે 'એને ગધેડીમાંથી પાછી ગાંગલી ઘાંચણ બનાવી દે.' પછી પેલો, રાખ રાખેલી એ સૂંઘાડે છે. તે સૂંઘતામાં જ પાછી ગાંગલી ઘાંચણ થઈ જાય છે. પછી ગાંગલી ઘાંચણ તો જઈને પગે લાગે છે, ભઈસાબ–બાપા કરે છે. પછી કહે છે 'બાપજી, મારી આટલી ભૂલ થઈ ગઈ છે. મને માફ કરાવો. મને તો આખી રાત તોડી જ નાખી છે.' પછી રાજા કહે 'ગોટલી કાઢ.'

પછી દસ કિલો મીઠું ઓગાળીને પીવરાવે છે. ઓકતાંની સાથે જ ગોટલી નીકળી પડી છે. પછી ગોટલી ધોઈને સેદણ પી લે છે. પછી આ બંને ભાઈ ભેગા થઈ ગાંગલી ઘાંચણને માથે મૂંડો કરાવી, તેની પર ચૂનો ચોપડી, ઊંધે ગધેડે આખા ગામમાં ફેરવીને (તેને) ગામ બહાર કાઢી મૂકે છે. પછી બંને ભાઈ ભેગા મળીને રાજપાટ કરે છે.

પછી સેદણ પાસે ઉડણકુટા છે તેની પર બેસીને બંને ભાઈ કહે 'ઊડ ઉડણકુટા, અમારા બાપુના મહેલ ઉપર ઊતર.' પછી બંને ભાઈ ઊડીને તેમના બાપુના મહેલ ઉપર ઊતરે છે. પછી બધાં ભેગાં થાય છે. તેમનાં માબાપ રડે છે. પછી ખાય, પીએ અને મજા કરે છે.

હવે મારી વાત પૂરી થાય છે. ઓણ આવજો મોર અને વાર્તા કરશું પોર.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૨ : ૧ ધ્વનિતત્ત્વીય

સાનુસ્વાર આંનો આં ~ ઍાં ~ ઍા

આં	ઍાં	ઍા
કરતાં	ઍાંબો	પેદકો
થાં	ઍાંય	સોપળતુ :
ગાં	કોંયૂક	ઘોસયૂણ

સાનુનાસિક સમીપવર્તી આનો આ ~ ઍા

આ	ઍા
આમ	ઍામ
	રોણી
	પોનાકુટેર
	નોમ

અહીં ઍાની વિપુલતા છે.

સાનુનાસિક ઈં તથા ઈનની ઉપસ્થિતિ

ઈં	ઈન
નસીં	કરીન
	આવીન

સાનુનાસિક સમીપવર્તી ઈનો ઈ ~ ઍ

ઈ	ઍ
પસીમ	મેઠું
એણીવેળા	નેસરા
કુંબારીણ	નેકળા

એ અને ઍની ઉપસ્થિતિ

એ	ઍ
એતરે	હેડો
પેલો	મેઠું
પરે	નેસરવું

ઓ અને ઍાની ઉપસ્થિતિ

ઓ	ઍા
ઓલી	ઍાણ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વે.જો	કોમઠી
ડપ્ડો	ગોથુ

–એ અને ઓ સિવાયના સ્વરો સાનુસ્વાર

અં	આં	ઈં	ઉં	એઃ	એં	ઓં	ઑં
નંય	ચ્યાં	નસીં	સું	નેં	—	—	કોંય

–સપ્રાણ અ (અ')

અ'

અ'ગવુ

ક'રમા

–માન્યના અપેક્ષિત અને બદલે એ અને ઍા; તેમ જ ઓને બદલે ઉ

અ	એ	ઓ	ઉ
પગ	પેગ	મોઢે	મુઢે
		કોણ	કુણ

અ	ઑ
દસ	દોસ

–માન્યના એને બદલે ક્વચિત્ ઈ

એ	ઈ
બેસવું	બીસવું
બેસાડવું	બીસારવું

–માન્યના ઘને બદલે વિકલ્પે ક; ક્વચિત્ ખ અને ગ નો ક

ઘ	ક	ગ	ક
ઘર	કેર	ગણતાં	કણતાં
ઘણે	કણે	ખ	ક
ઘડીક	કરીક	આખડતો	આકરતો
ઘોડા	ચોરલા		

ઢ ના ટ અને ડ

ઢ	ડ	ઢ	ટ
કાઢી મૂક્યો	કાડી મેલો	ટાઢી	ટાંટી

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ધનો ત ~ ત'; ક્વચિત્ થનો ત

ધ	ત	થ	ત
ઊંધે	ઉંતે	સાથે જ	સાતે સ
ધોઈને	તોઈન		
બધે છે	વતે સે		
અંધારું	અતારું		
બધું	બતુ		
ધામતા (દોડતા)	તો'મતા		

માન્યના ભને બદલે પ ~ પ' ક્વચિત્; ભ જળવાય છે.

ભ	પ	ભ	પ'	ભ	ભ
ભેગા	પેગા	ભેગા	પે'ગા	ભેગાં	ભેગો
ભુલાતો	પુલાતો	ભણવું	પ'ણવું		
ભાવતું	પાવતુ	ભાંગ્યા	પ'ાગા		
ભેળા	પેળા				
ભૂલ	પુલ				

ચ અને છનો સ

ચ	સ	છ	સ
ચડ્યા	સરાં	પાછાં	પાસાં
ચૂનો	સુનો	છોડી	સોડી
ચાર	સાર	છાયા	સાય્યા
ચકલું	સીરકેલુ	છોડાવાળું	સોડાલુ

જ અને ઝ બંનેની ઉપસ્થિતિ, પરંતુ ઝ ની બહુલતા

જ	ઝ
જન્નો	ઝેમ
ભરજોવન	ઝોણ
સાંજ	બીઝી
	રઝા
	રાઝ

ડ અને ર ની ઉપસ્થિતિ

ડ	ર
ડોરા	રાજા

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એડવું	વતારવું
	સાર

ડ઼ને સ્થાને ર ની બહુલતા, પરંતુ ડ઼ની પણ ઉપસ્થિતિ.

ડ઼	ર	ડ઼
ખાસડા	ખાસ઼રા	આપડે઼
ઘોડો	ઘો઼રો	ઝીલાડ઼વું
દનડા	દનરા	તેડ઼
છોડવું	સુરવું	થથેડ઼વું
સૂપડું	સુપરુ	બોડું

ઈ અને એ પૂર્વે વની ઉપસ્થિતિ, પરંતુ ય પૂર્વે અભાવ

–ઈ	–એ	–ય
વીરી	વે	બનાવો (બનાવ્યો)
વીસ઼પસોટી	વેસવું	આવા (આવ્યા)
	વેલા	

શ, સ અને સ઼ ની ઉપસ્થિતિ

શ	સ	સ઼
શેકાર	સેદચૂણ	સ઼ાદવું
શૅાન્તી	આસરો	બીસ઼વું
	દીસાવામા	–સ઼
	–સ્	દોસ઼
	સમન	

હ ની અગ્રસ્થાને સઘોષ તેમ જ અ' ~ અ રૂપે ઉપસ્થિતિ તથા ઈ, એ, ય પૂર્વે લોપ

હ–	અ'–	અ–
હરવુ	અ'ગવું	અન્ની
હવે		અન્નો
		અવે
		આથી
–ઈ	–એ	–ય
નઈતર (નહિતર)	કે (કહે)	રો (રહ્યો)

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ળ ની ઉપસ્થિતિ

ળ

અગળ

કળબળાટ

તેંસીવળ

સંયુક્ત સ્વર-વ્યંજનો :

સ્વરો :

ત્રિવર્ણી સંયોગ :

અઇએ : ઝઈએ | આઈએ : ઝાઈએ, ઝાઈએં | ઉઈએ : સુઈએ

દ્વિવર્ણી સંયોગ :

અઈ : લઈન, ઝઈન, રઈ | આઈ : પાઈ, ખાઈ, ઝમાઈ, આઈ | ઉઈ : સુઈ | એઈ : લેઈન, લેઈગો

ઓઈ : કોઈ, તોઈન | ઑઈ : કૉઈકિ, તૉ'ઈ, કૉંઈ

અઉં : ઝઉં, રઉં | આઉ : ગાઉ

ઈએ : પીએ, કરીએ, બનાવીએ, પીએં

વ્યંજનો :

ખ્ર : નખ્રા | ગ્ગ : વેગ્ગાસ, વેગ્ગીસ | હ્ક : સુહ્તામા

ગ્ય : ગ્યાં | હ્ખ : પહ્ખા

ગ્લ : ગોગલી | હ્ગ : સુહ્ગારજે

જ્ય : જ્યા | ગ્ય : ગ્યાં

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ટ્ટ : મોટ્ટો   દ્ણ : ગોઠણી   ડલ : સુડલાસુટ — ણ્ગ : સણુગારવું
દ્વ : પાટવા   દ્લ : ગાઠલો
ણ્ડ : ડણ્ડો, ખણ્ડખીટ
ણ્ય : પેસણીયો
વોણીયો
ણ્સ : મોણ્સો

ત્ત : બત્તા — દ્ક : પેદકો
બત્તાં   દ્મ : આદમી
ત્ર : એતરુ

ન્ક : નનકો, નોનકી
ન્ઞ : કોન્ઞા
ન્ત : શોન્તી
ન્ન : પોથન્નો, પન્નર,
જન્નો, અન્નો, અન્ની
ન્વ : મોનવી

પ્ડ : આપડ઼ે   બ્ર : આબરુ
ઠોબરુ
પ્ણ : આપણો
પ્ર : સુપરુ — દુબરો
બાપરો
પ્ળ : સોંપળી

— મ્ઠ : કોમઠી
મ્ણ : ઉગમણી
આથમણો
દોમણી
મ્ત : ઠમતી

ય્ણ : એદય્ણ   ર્ક : તરકોસ   લ્લ : ધોલ્લા   વ્ર : નવરાવીને
સેદય્ણ   સીરકેલુ
સુય્ણો   ર્વ : પરારવો
ચ્ય : આચ્યા
સ્બ : કાસબો   સ્ર : ખાસ઼રા
સ્ર : આસરો

૨ : ૨ રૂપતત્ત્વીય :

નામ

(૧) લિંગ

અહીં પ્રત્યયયુક્ત તેમ જ પ્રત્યયરહિત એમ બંને પ્રકારની લિંગવ્યવસ્થા પ્રવર્તે છે. પું., સ્ત્રી. અને નપું. લિંગ એવી ત્રિલિંગી વ્યવસ્થામાં પ્રત્યયો અનુક્રમે – **ઓ**, – ઈ ~ **ઈણ** ~ **અણ** ~ **અન** તથા ઉ ~ ઉ઼ મળે છે.

પ્રત્યયયુક્ત :

પું.	સ્ત્રી.			નપું.	
–ઓ	–ઈ ~	**ઈણ** ~	**અણ** ~ **અન**	–ઉ	–ઉં
મગરો	રોણી	કુંબારીણ	કુબારણ/ન	સ઼પરુ	મેહું

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સુયણો	ગોન્લી	સીરકેલુ અતારું
અન્નો	કોમડી	ગોથુ

આ ઉપરાંત 'કાસમ' (પું.) (કાચઓ) અને 'કાસેમ' (સ્ત્રી.) (કાચબી) એ ભિન્ન ઉક્તિઓ પણ લિંગભેદમાં વપરાતી જોવા મળે છે.

પ્રત્યયરહિત :

રાજા	સોંજ	ડોમણ
કાસમ	વેળા	દાતુણ
આદમી	રાખ	રાખ

(૨) વચન

અહીં એ.વ. અને બ.વ. એવી બે વચનની વ્યવસ્થા પ્રવર્તે છે. વચન પરત્વેના બ.વ.ના પ્રત્યયોમાં પું., સ્ત્રી. અને નપું. લિંગ માટે અનુક્રમે **–ઓ ∼ આ, ઓ ∼ ઉ** અને **આ ∼ આં ∼ ઓ ∼ ઓં** જોવા મળે છે.

પું.	:	સ્ત્રી.	:	નપું.
–ઓ ∼ –આ	:	**–ઓ ∼ –ઉ**	:	**–આ ∼ –આં ∼ –ઓ ∼ –ઓં**
કુંવરો દનરા	:	રાતો વાતુ	:	ભાણોરા લોકાં વરસો મોણસોં
ગતેરા	:	કતારો	:	

સર્વનામ :

પુરુષવાચક સર્વનામનાં જે રૂપો પ્રાપ્ત થાય છે તે આ મુજબ છે :

	એ.વ.	બ.વ.
પ. પુ.	ઉં ∼ હું	અમે આપુ ∼ આપણો–ણુ ∼ આપરે ∼ આપડે
બી. પુ.	તું ∼ તુ	તમે ∼ તુમે
ત્રી. પુ.	વી ∼ પેલો ∼ એ ∼ ઈ (પું.) વે ∼ પેલી ∼ ઈ (સ્ત્રી.)	વે

આ સામગ્રીમાંથી નપું. ત્રી.પુ. એ.વ.નાં તેમ જ સ્ત્રી. તથા નપું. બ.વ.નાં રૂપો પ્રાપ્ત થતાં નથી.

આખ્યાત :

અહીં સાદાં અને સંયુક્ત એમ બંને પ્રકારનાં ક્રિયાપદો મળે છે. 'તોણવું', 'સપાળવું', 'સુરવું', 'ધોમવું', 'ખીલવું' એ સાદાં ક્રિયાપદોનાં તેમ જ 'હેડી નેકળવું', 'ઓરખી ઝાવું', 'કાડી મેલવું', 'ઉતારી દેવું' વગેરે સંયુક્ત ક્રિયાપદોનાં દૃષ્ટાંતો છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પુરુષ-વચન પરત્વે ત્રણ પુરુષ અને બે વચનની વ્યવસ્થા છે. જ્યારે કાળ પરત્વે જોતાં વર્તમાન, ભૂત અને ભવિષ્યની વ્યવસ્થા છે.

વર્તમાનકાળ

	એ વ.	બ.વ.
પ. પુ.	–ઉં	–ઈએ ~ ઈએં ~ એ
બી. પુ.	–એ	–ઓ
ત્રી. પુ.	–એ ~ એં ~ φ	–એં ~ φ

વર્તમાનનું સહાયકારી ક્રિયારૂપ સ્ છે.

ભૂતકાળ

ભૂતકાળના સામાન્ય પ્રત્યય –જ્યનું દૃષ્ટાંત તેમ જ 'થીયો'ના એક અપવાદે –ય્નું એમ બંને પ્રત્યયોનાં દૃષ્ટાંતો આમાંથી પ્રાપ્ત થતાં નથી. 'બીઠો'માં જણાય છે તેમ –ઠ મળે છે. વિશેષ પ્રમાણમાં φ નાં ('જલમો', 'આવા', 'મુકા') દૃષ્ટાંતો મળે છે.

સહાયકારક હોનાં રૂપોમાં 'હતો', 'હતી', 'હતું' અને ટૂંકાં રૂપોમાં 'તો' મળે છે. નકારાર્થી સાથે 'નતો' પ્રાપ્ત થાય છે.

ભવિષ્યકાળ

ભવિષ્યકાળનાં જે રૂપો પ્રાપ્ત થાય છે તે આ મુજબનાં છે :

	એ.વ.	બ.વ.
પ. પુ.	— ઈસ્	— સું
બી. પુ.	— ઈસ્	—
ત્રી. પુ.	— સે ~ સેં	—

બી. પુ. અને ત્રી. પુ. બ.વ. નાં રૂપો આ સામગ્રીમાંથી મળતાં નથી.

આ સિવાય મંદ આજ્ઞાર્થ માટે જ ~ ઝ ('સુહ્ગારજે', 'ઝા'), નકારાર્થે ન ~ નં ~ નસી તેમ જ લઘુપ્રયત્ન ય્ કાર ('એદયૂણ', 'સેદયૂણ', 'ધોસયૂણ') જેવાં અન્ય લક્ષણો પણ અહીં મળે છે.

વળી ભાર માટે સ ('એ સ થાય') તેમ જ ઝ ('શેકાર લઈને ઝ ઝાવો'), બકારવાળી દ્વિરુક્તિ ('પાટવા-બાટવા') અને જુદા જુદા પ્રકારના રવાનુકારી, જેમ કે 'ડ...પ દઈને' (માળા એકાએક ગળામાં નાખવાનો), 'ખણ્ડખીટ' (ઉડણકુટો વ્યક્તિઓને પીટતો હોય છે તેનો), 'હુબતુબ(ક)' (કુટો ધડાધડ કરે છે તેનો), 'સ...ડ...ડ...ડ દઈને' (કુટાનો માથે પડવાનો અવાજ) શબ્દો પણ અહીં મળે છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અ'ગવું (ક્રિ.) હગવું
અગળ (અ.) આગળ
અતારું (ન.) અંધારું
અને (અ.) અને
અન્ની (સ્ત્રી.) હરણી
અન્નો (પું.) હરણ
અબ્બરતન (અ.) સતત
અમે (સર્વ.) અમે
અવે (અ.) હવે
અળેસી (સ્ત્રી.) ઉલેચણ
એવો (સર્વ.) એ
આથમણો (વિ.) પશ્ચિમમાં
આથી (પું.) હાથી
આદમી (પું.) પુરુષ
આપડે (સર્વ.) આપણે
આપણો (સર્વ.) આપણો
આબરુ (સ્ત્રી.) આબરુ, ઇજ્જત
આમ (અ.) આ તરફ
આય-બા (ન.બ.વ.) માબાપ
આય્યા (સ્ત્રી.) મા (સંબોધન)
આસરો (પું.) આશરો
ઈયેં (અ.) ત્યાં
ઈસેં (અ.) ત્યાંથી
ઉકયૂડો (પું.) ઉકરડો
ઉગ (સ્ત્રી.) ઊંઘ
ઉગમણા (વિ.) પશ્ચિમના
ઉઙ્ગ (સ્ત્રી.) ઊંઘ
ઉઝેણનગરી (સ્ત્રી.) ઉજ્જેણી નગરી
ઉડણકુટો (પું.) ઉડતો ઘોડો
ઉડવું (ક્રિ.) દોડવું
ઉતર (સ્ત્રી.) ઉત્તરદિશા
ઉતારવું (ક્રિ.) ઉતારવું
ઉપર (અ.) ઉપર
ઉલખવું (ક્રિ.) ઊલટી કરવી
ઉંતુ (વિ.) ઊંધું
એકાએક (અ.) એકદમ
એડવું (ક્રિ.) ચાલવું
એણા (સર્વ.) એ
એણાવામા (અ.) તેવામાં
એણી (સર્વ. સ્ત્રી.) એ
એણીવેળા (અ.) એ વખતે
? એતણ (અ.) આથી
એતરુ (વિ.) એટલું
એદયૂણ (પું.) એક વ્યક્તિવિશેષનું નામ
એન (સર્વ.) એને
એમ (અ.) એમ
એસો (અ.) અહીંથી
ઑગાળવું (ક્રિ.) ઓગાળવું
ઑણ (અ.) આ વર્ષે
ઑમ (અ.) આમ
ઑમ્બો (પું.) આંબો
ઑરખવું (ક્રિ.) ઓળખવું
ઑંબો (પું.) આંબો
ઑંય (અ.) અહીં
કતારો (સ્ત્રી. બ.વ.) હારો
કે'રમા (ન.બ.વ.) એક ઘરેણું
કરીક (અ.) ઘડીક
કળબળાટ (પું.) કકળાટ
કાડવું (ક્રિ.) કાઢવું
કાસબ (પું.) કાચબો

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

કાસેબ (સ્ત્રી.) કાચબી
કાળા (વિ.) કાળા
કુણ્ (સર્વ.) કોણ
કુંબારીણ્ (સ્ત્રી.) કુંભારણ્
કેણ્ા (સર્વ.) કોણ
કેમ (અ.) કેમ
કેર (ન.) ઘર
કેં (અ.) ક્યાં
કોઈ (અ.) કોઈ
કોન્આ (પું. બ.વ.) કાન
કૅામઠી (સ્ત્રી.) ધનુષ્ય
કૅાંય (અ.) કંઈ
કૅાંયક (અ.) કંઈક
ખણ્ડ (પું.) વિસ્તાર
? ખરી (વિ.)
ખાસુરા (ન.બ.વ.) જોડાં
ખવરાવવું (ક્રિ.) ખવરાવવું
ખીલવું (ક્રિ.) ઝૂલવું
ખેલવું (ક્રિ.) રમત કરવી
ગાઉ (પું.) ગાઉ, રસ્તાની લંબાઈનું માપ
ગાઠલો (પું.) ગોટલો
ગોઠણ્ી (સ્ત્રી.) વાગ્દત્તા
ગોઠીયો (પું.) વચનથી બંધાયેલો ભાવિ પતિ
ગો-લી (સ્ત્રી.) ગોટલી
ગોળી (સ્ત્રી.) બંદૂકની ગોળી
ગૅાથુ (ન.) વિવાહ
ગૅામ (ન.) ગામ
ગૅાંગલી (સ્ત્રી.) એક વ્યક્તિ-વિશેષનું નામ

ઘોરલા (પું. બ.વ.) ઘોડલા
ઘો-રો (પું.) ઘોડો
જન્નો (પું.) ઝરણું
ઝમાઈ (પું.) જમાઈ
ઝાગવું (ક્રિ.) જાગવું
ઝારા (ન. બ.વ.) ઝાંખરાં
ઝીલાડ્વું (ક્રિ.) નવડાવવું
ઝુદાઝુદા (વિ.) જુદાજુદા
ઝેમ (અ.) જેમ
ઝોણ્ (પું.) જણ્
ટા-ટી (વિ.) ઠંડી
ટેંક (સ્ત્રી.) દાદ
ઠમવું (ક્રિ.) ઠમકો કરવો
ઠીક (વિ.) સારું
ડણ્ડો (પું.) ઢંઢેરો
ડોન્રા (પું. બ.વ.) મૂછોના દોરા
ડોગરાળા (વિ. સંઓ.) ઢાલવાળા
ડોમણ્ દેવું (ક્રિ.) ઘોડા-ગધેડા ભાગી ન જાય તે માટે એક તરફના પગે દોરડું બાંધવું
તમે (સર્વ.) તમે
તરકો (પું.) તડકો
તરકોસ (ન.) એક વાસણ
તીયાર (વિ.) તૈયાર
તે (સર્વ.) તે
તે-ડ્ (પું.) કિનારો
તેસીવળ (અ.) તે બાજુ
તેંસો (અ.) ત્યાંથી
તો (અ.) તો
તોણવું (ક્રિ.) ખેંચવું
થથેડ્વું (ક્રિ.) ચોપડવું

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

થને (સર્વ.) તને
થમને (સર્વ.) તમને
થારી (સર્વ.) તારી
દખણ (સ્ત્રી.) દક્ષિણદિશા
દન (પું.) દિવસ
દનરા (પું. બ.વ.) દિવસો
દનરાત (અ.) દિવસરાત સતત
દાતુણ (ન.) દાતણ
દાતુન (ન.) દાતણ
દીકરે (પું.) દીકરો
દુબરો (વિ.) દૂબળો
દુરા (વિ.) આઘું
દોમણી (સ્ત્રી.) એક ઘરેણું
ધોમવું (ક્રિ.) દોડવું
ન (અ.) અને
નકર (અ.) નહીંતર
નખારાનો (વિ.) ખૂબ
નનકો (વિ.) નાનો
નવરાવવું (ક્રિ.) નવડાવવું
ને (અ.) અને
નેસરવું (ક્રિ.) નીકળવું
નોનકી (વિ.) નાની
પ'ણવું (ક્રિ.) ભણવું
પન્નર (વિ.) પંદર
પસીમ (સ્ત્રી.) પશ્ચિમ દિશા
? પરારવો (વિ.) ધસધસાટ
પા-ઈ (પું.) ભાઈ
પાટી (સ્ત્રી.) દોડ
પારવું (ક્રિ.) પાડવું
પાસો (વિ.) પાછો
પીરાવું (ક્રિ.) પહેરાવવું
પીવરાવવું (ક્રિ.) પિવડાવવું
પેગ (પું.) પગ
પેદકો (ન બ.વ.) નાનાં પક્ષીઓ
પેરાવું (ક્રિ.) પહેરાવવું
પેસણ (અ.) પછી
પેસણીયો (અ.) પછી
પોથીન્નો (પું.) પાથરણું
પોણી (ન.) પાણી
પોનાકુટો (પું.) પાંદડા વચ્ચે મકાઈના લોટની કણક શેકીને બનાવાતો રોટલો
ફરવું (ક્રિ.) ફરવું
? ફેટા (પું.) એક ઘરેણું ?
ફુટવું (ક્રિ.) અંકુર બહાર આવવો
બત્તાં (વિ.) બધાં
બત્તું (વિ.) બધું
બત્તે (વિ.) બધે
બાપરો (વિ.) બાપડો
બાદુર (વિ.) બહાદુર
બા-ર (વિ.) બાર
બાર કાડવું (ક્રિ.) બહાર કાઢવું
બીઝી (વિ.) બીજી
બીસવું (ક્રિ.) બેસવું
બીસારવું (ક્રિ.) બેસાડવું
બે (વિ.) બે
ભરજોવન (ન.) યુવાનીનું શિખર
ભાલોરા (ન. બ.વ.) બાણ
ભુંકવું (ક્રિ.) ભૂંકવું
ભેર બપોરીયા (વિ.) ખરા બપોર
ભેરુ (પું.) સાથી
મા (સ્ત્રી.) મા

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

માથુ (ન.) આથું
મુટીયાર (પું.) યુવાન
મુદ્દ (ન.) મોઢું
મુસો (સ્ત્રી. બ.વ.) મૂછો
મેંઠું (ન.) મીઠું
મેંલ (પું.) મહેલ
મોંડવું (ક્રિ.) માંડવું
મોંથુ (ન.) માથું
મોંનવી (પું.) માણસ
મોંઃર (પું.) સોનામહોર
રઝા (સ્ત્રી.) રજા
રદળવું (ક્રિ.) ખૂબ રોવું
રાક (સ્ત્રી.) રાખ
રાખ (સ્ત્રી.) રાખ
રાજા (પું.) રાજા
રાઝ (ન.) રાજ
રાઝપાટ (ન.) રાજપાટ
રાતફેરી (સ્ત્રી.) રાતની ચોકી
રુવું (ક્રિ.) રોવું
રોટા (પું. બ.વ.) રોટલા
રોંણી (સ્ત્રી.) રાણી
લાગ (પું.) તક
લોકાં (ન. બ.વ.) લોકો
લોતપોત (વિ.) થાકથી ખૂબ ઢીલું
વડ઼ો (વિ.) મોટો
વતવું (ક્રિ.) વધવું
વતારવું (ક્રિ.) વધારવું
વાધું (ન.) નાનો વહેળો
વીરી (સ્ત્રી.) નાનો વીરડો
વીસ઼પસોટી (સ્ત્રી.) મોંમાં દાતણ નાખીને ઉબકા કરવાની ક્રિયા (?)

વે (સર્વ.) તે
વેગ્ગા (વિ.) વહેલા
વેલા (વિ.) વહેલા
વેસવું (ક્રિ.) વેચવું
વેંઃળો (પું.) વહેળો
વોંણા (ન. બ.વ.) વહાણાં, સવાર
વોંણીયો (પું.) વાણિયો
શેકાર (પું.) શિકાર
શેંન્તી (સ્ત્રી.) શાંતિ
સગરદમ (અ.) ચોતરફ
સપાઈ (પું.) સિપાહી
સમન (પું.) સામાન
સાયૂયા (સ્ત્રી.) છાયા
સીરકેલુ (ન.) ચકલું
સુરવું (ક્રિ.) છોડવું
સેદયૂણ (પું.) વ્યક્તિવિશેષનું નામ
સોડાલુ (વિ.) છોડાવાળું
સોદવું (ક્રિ.) સંભોગ કરવો
સ઼ણગારવું (ક્રિ.) શણગારવું
સ઼પાળવું (ક્રિ.) સંભાળવું
સ઼ાદવું (ક્રિ.) બોલાવવું
સ઼ાર (અ.) માટે
સ઼ારો (વિ.) સારો
સ઼ીખવું (ક્રિ.) શીખવું
સ઼ીરી (સ્ત્રી.) શેરી
સ઼ીળી (વિ.) ઠંડી
સુહ્ગારવું (ક્રિ.) સૂંધાડવું
સુડલાસટ (અ.) પૂરપાટ
સુપરુ (ન.) સૂપડું
સુયૂણો (પું.) સપનું
સુ (સર્વ.) શું

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સુંકારવું (ક્રિ.) સૂંઘાડવું
સેરી (સ્ત્રી.) શેરી
સોંભળાવું (ક્રિ.) સંભળાવું
સોંજ (સ્ત્રી.) સાંજ
સોંપળવું (ક્રિ.) સાંભળવું
સોંભળવું (ક્રિ.) સાંભળવું
હરવું (ક્રિ.) નજીકમાં ચાલવું
હવે (અ.) હવે

૨ : ૪ વાક્યગત

૧. પેલો **વોંણીયાને** આવેલો સે.
૨. એમ કરીન ઝાય સ્ **વોંણીયાને.**
૩. **એણાન** પેલી સોડી મા પેગી ઝાય સે.
૪. સેદણ એકદન **કુંબારીણે** ઝાય સ્.
૫. પહ્ખા હુળાતા સે.

પ્રથમ ૧થી ૪ વાક્યો ગુજરાતીની સરખામણીએ કરકસરયુક્ત અભિવ્યક્તિવાળાં છે. ગુજરાતીમાં આ પ્રત્યેક વાક્યમાં 'ત્યાં' ઉમેરણ પછીથી જ અહીં છે તે અર્થ સાધી શકાશે.

પાંચમાં વાક્યમાં સહાયકારક ત્રી. પુ. બ. વ.ના **સે** સાથે વર્તમાનકૃદંત 'હુળાતા'નો વપરાશ સુરતી ગુજરાતીની યાદ અપાવે છે.

૨ : ૫ વિશિષ્ટ પ્રયોગો

પા'ગા પેગનું સીરક્લુ = રહયુંખડયું માણસ
હુએ ન ધુએ = ખૂબ મોટા પ્રમાણમાં; ઠાઠ સાથે
ટનાટન = બરાબર તૈયાર
સાઝાસમુર = સાજાનરવા
ટી'ક ન દેવી = દાદ ન દેવી, ગાંઠવું નહીં
ઉતર પરવું = મારવા લાગવું
આય બાપો કરવો = કરગરવું, આજીજી કરવી

વળી સંબોધનમાં દ્વિરુક્તિ હોય તો એ બેઉ સરખી ઉક્તિઓ વચ્ચે 'રે' મુકાય છે. 'આય્યા રે આય્યા', 'બાબા રે બાબા', 'રાઝા રે રાઝા', 'અન્ના રે અન્ના' ઇત્યાદિ આનાં ઉદાહરણો છે.

૩ : ૦ સમાજગત

સંબોધન :

અહીં માને દીકરી 'આય્યા'થી અને દીકરીને મા 'દીકરા, બેટા' જેવા લાડવાચક શબ્દોથી સંબોધે છે. જમાઈ સાસુને 'મા'થી સંબોધે છે. અહીં મા માટે 'આઈ' અને બાપ માટે 'બાસ્ ~ બા' શબ્દો મળે છે.

ગાંગલી ધાંચણ રાજાને 'બાપસી' જેવા માનવાચક શબ્દથી સંબોધે છે.

આમ આ નાની કથામાંથી પણ આ પ્રજાના સગાઈસંબંધોમાં પ્રચલિત એવા કેટલાક સંબોધનશબ્દો બહાર આવે છે.

[ભાષાવિમર્શ : ૧૯૮૨ : ૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અત્રતત્ર

૧. ભાષાક્ષેત્રીય સંશોધનના પ્રણેતા

મુરે એમેનોના પસંદ કરેલા નિબંધો ('લૅંગ્વિજ ઍન્ડ લિંગ્વિસ્ટિક એરિઅ', સંપાદક અનવર દિલ, ૧૯૪૦)નું અવલોકન કરતાં હોનિંગ્ઝવાલ્ડે ઐતિહાસિક ભાષાવિજ્ઞાન પરત્વે એમેનોના દૃષ્ટિપૂર્ણ અને પાયાના કાર્યને બિરદાવતાં થોડાંક માર્મિક વિધાનો પણ કર્યાં છે ('જર્નલ ઑવ અમેરિકન ઓરિએન્ટલ સોસાયટી', ૧૦૧, ૨, ૧૯૮૧; પૃ. ૨૩૮–૨૩૯).

ભાષાકીય ક્ષેત્ર – વિભિન્ન મૂળની ભાષાઓની એક ભૌગોલિક અને સાંસ્કૃતિક વિસ્તારમાં લાંબા ગાળાની સહોપસ્થિતિને પરિણામે સ્થપાતા ગાઢ ભાષાસંપર્કો અને ભાષાઓની અરસપરસ સામ્યપ્રવણતા – એ વર્ષોથી (૧૯૫૪ લગભગથી) એમેનોનો એક કેન્દ્રવર્તી અધ્યયનવિષય રહ્યો છે. આ વિષયનું તેમનું સંશોધનકાર્ય ભારતીય ભાષાઓને અન્વયે ચાલતું રહ્યું છે. આ વિષયનું મહત્ત્વ હવે ભાષાવિજ્ઞાનીઓએ પિછાણ્યું છે. એમના 'ઇન્ડિઆ એઝ એ લિંગ્વિસ્ટિક એરિઅ'એ નિબંધને હોનિંગ્ઝવાલ્ડે વીશમી શતાબ્દીનો એક અત્યંત મહત્ત્વનો ને પ્રભાવક ભાષાવૈજ્ઞાનિક લેખ કહ્યો છે. એમેનોના બીજા બે મહત્ત્વના લેખો વિશે પણ તે કહે છે કે 'એક ભાષા બીજી ભાષામાંથી વ્યાકરણીય તત્ત્વો સ્વીકારતી નથી. અને એટલે બે ભાષાઓ વચ્ચે આનુવંશિક સંબંધ સ્થાપવા માટે શબ્દકોશીય તત્ત્વો નહીં પણ વ્યાકરણીય બંધારણની સમાનતા અચૂક માર્ગદર્શન પૂરું પાડે છે' – વેદવાક્યસમાં મનાયેલ આ વિધાનની સામે ઉપર્યુક્ત લેખોમાં નિર્ણાયક દલીલો મળે છે. આથી એક ભાષામાંથી બીજી ભાષા ઊતરી આવવાની વિભાવના બાબત આપણે વધુ સૂક્ષ્મતાથી વિચાર કરતા થયા છીએ, અને આનુવંશિક સંબંધોની સાપેક્ષતા ધ્યાનમાં આવી છે. આથી 'દરેક શબ્દને આગવો ઈતિહાસ હોય છે' એવા અરાજકતામાં પરિણમતા મૂર્તિભંજક પક્ષનું સમર્થન થાય છે એવું નથી, પણ એ સ્વીકારવાનું રહે છે કે અંતઃસ્તર તરીકે રહેલી ભાષાના પ્રભાવને આનુવંશિક સંબંધોની વિચારણામાં જેઓ મહત્ત્વ આપવાના પક્ષના છે તેઓનાં મત પ્રમાણે – અથવા, વ્યાપકપણે સમાજભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ –

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એ ભાષાઓ વચ્ચેના સંપર્કોથી તેમની વચ્ચે જે વિશિષ્ટ નિયમિતતાઓ નીપજે છે, તે અન્ય પ્રકારની નિયમિતતાઓ સાથે અથડાય છે. આ અથડામણ કેટલી છે અને તેનો ઉકેલ કેટલે અંશે શક્ય છે તેનો આધાર ઐતિહાસિક સંજોગો અને પ્રાપ્ત સામગ્રી ઉપર રહે છે.

આ રીતે દીર્ઘકાલીન સંપર્કને લીધે નીપજતી વ્યાકરણીય બંધારણ, શબ્દભંડોળ, ધ્વનિતત્ત્વ અનેઅર્થતત્ત્વને લગતી સમાનતા ક્ષેત્રીય ભાષાવિજ્ઞાનમાં (અને સમાજ–ભાષા–વિજ્ઞાનમાં) એક મહત્ત્વનો સંશોધનવિષય બન્યો છે અને તેના આદ્ય પ્રણેતા સમા એમેનોનો પ્રસ્તુત લેખસંચય એ વિષયના સંશોધકો માટે આધારશિલાનું કામ આપશે. આ લેખસંચય અને 'દ્રાવિડિઅન લિંગ્વિસ્ટિક્સ, એથ્નોલજી ઍન્ડ ફોક–ટેયૂલ્ઝ' (૧૯૬૭) એ બેને સહેજે એમેનોની સિદ્ધિનાં શિખરો ગણી શકાશે.[૧]

૨. સિન્ધુલિપિના ઉકેલ–પ્રયાસો વિશે

(૧)

આ નોંધ લખવાનાં નિમિત્ત એ : (૧) આસ્કો પાર્પોલા અને બી. બી. લાલના આ વિષયને લગતા હમણાંના બેત્રણ સંશોધનલેખો વાંચવામાં આવ્યા; (૨) 'પથિક' માસિકનો સિન્ધુસંસ્કૃતિ અંક (૨૧/૩, ડિસે. ૧૯૮૧).

'ભાષાવિમર્શ' ૨/૧, જાન્યુ. ૧૯૭૯, પૃ. ૧૪૬–૧૫૩ ઉપર મેં આ વિષયની મુખ્ય સમસ્યાઓ, મુખ્ય ઉકેલ–પ્રયાસો અને તેમના મૂલ્યાંકનનો પરિચય આપીને તદ્દન ટૂંકી સવિવરણ, વર્ગીકૃત સંદર્ભસૂચિ આપેલી. તેમાં એ વાત ઉપર પણ ભાર મૂક્યો હતો કે આ લિપિવિજ્ઞાન – વિશેષે પ્રાચીન લિપિવિજ્ઞાન – અને ભાષાવિજ્ઞાનના તદ્‌વિદોનું ક્ષેત્ર છે. પુરાવિદની કેવળ પુરાવિદ તરીકે આ વિષયમાં સામાન્ય જનથી વિશેષ યોગ્યતા નથી. પ્રાચીન લિપિના પ્રકારો, લિપિ અને ભાષાનો સંબંધ, ભાષાનાં વ્યાકરણીય બંધારણો અને ધ્વનિતત્ત્વીય બંધારણો, વૈદિક ભાષાનું બંધારણ, પ્રાગ્વૈદિક – ભારતયુરોપીય ભાષાનું બંધારણ, પ્રાચીન મૂળભૂત દ્રાવિડી ભાષાનું સ્વરૂપ, પુનર્ઘટિત આદ્ય દ્રાવિડી, ઐતિહાસિક પુનર્ઘટનાના સિદ્ધાંતો વગેરે વિષયોમાં થયેલા અદ્યતન સંશોધનકાર્યની જાણકારી વિના એ વિષયોની શી સમસ્યાઓ છે, કયા ઉકેલો

૧. આ પૂર્વે 'ભાષાવિમર્શ' ૩/૨, એપ્રિલ ૧૯૮૦, પૃ. ૮૩–૮૯ ઉપર એમેનો, મેસિકા, ક્યુપર વગેરેના ભારતીય ભાષાઓને લગતા ભાષાક્ષેત્રીય કાર્યનો પરિચય આપેલો જ છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

છે, મતભેદોમાં વધુ પ્રમાણભૂત મત કયા ગણાય એની સંગીન સમજ વિના આ વિષયમાં માથું મારવા જેવું નથી.

એકબે ઉદાહરણ લઈએ. જેઓ સિન્ધુલેખોની ભાષા દ્રાવિડી હોવાનું માને છે, તેમણે સંકેતોના ઉકેલ આપવામાં લિખિત દ્રાવિડી ભાષાઓ અને દ્રાવિડી બોલીઓને આધારે પુનર્ઘટિત કરેલી દ્રાવિડીનો – ચારેક હજાર વરસ પહેલાં તેનું જે કાંઈ સ્વરૂપ પુનર્ઘટનાને આધારે અટકળી શકાય તેનો – આધાર લેવાને બદલે વર્તમાન ભાષાઓનો કે ઈસવી પહેલી સદી આસપાસની પ્રાચીન તમિળનો જ આધાર લીધો છે. વળી સિન્ધુભાષા દ્રાવિડી માનવાથી ઉપસ્થિત થતી કેટલીક મૂળભૂત સમસ્યાઓનો (જેવી કે દક્ષિણમાં સિન્ધુસંસ્કૃતિના અવશેષો કે લિપિના અવશેષો ન મળવા, બધી દ્રાવિડી ભાષાઓની લિપિ બ્રાહ્મીમૂલક હોવાની હકીકત, દ્રાવિડ લોકો ઉત્તરમાંથી દક્ષિણમાં ગયાની માન્યતાની સામે તેઓ પૂર્વ તરફથી આવ્યા હોવાની માન્યતા[2] વગેરેનો) ઉકેલકારોએ સામનો નથી કર્યો.

એવી જ રીતે સિન્ધુભાષા વૈદિક કે પ્રાગ્વૈદિક હોવાનું માનનારાઓએ જે ઉકેલ સૂચવ્યા છે તેમાં વૈદિક અને પ્રાગ્વૈદિક વ્યાકરણીય અને શબ્દગત બંધારણની સાથે અટકળેલાં શબ્દો અને રૂપોનો મેળ મળે છે કે નહીં તેની ચિંતા નથી કરી. વળી ભારત-યુરોપીય આદ્ય ભાષાસ્વરૂપની પુનર્ઘટનાના વિષયમાં આ શતાબ્દીમાં જે આશ્ચર્યજનક કામ થયું છે, તથા યુરોપમાં થયેલા પ્રાગૈતિહાસિક ઉત્ખનન અને સાંસ્કૃતિક સંશોધનના વિષયમાં જે કામ થયું છે[3] તેનું તદ્દન અજ્ઞાન કે ઉપેક્ષા આ પ્રયાસોમાં જોવા મળે છે. માત્ર આ કારણોએ પણ આ વિષયનો સત્યશોધક આ પ્રયાસોને ગંભીર ભાવે લઈ શકે તેમ નથી. લિપિ અને ભાષા વિષયક અદ્યતન સંશોધનોની સારી એવી સજ્જતા વિના ન તો કોઈ સાચો ઉકેલપ્રયાસ થઈ શકે, ન તો એ પ્રયાસોનું યોગ્ય મૂલ્યાંકન કરી શકાય.

---

૨. આ અંગે એ. ચંદ્રશેખરે રજૂ કરેલા વિચારો અને પુરાવાઓના સાર માટે જુઓ 'ભાષાવિમર્શ', ૩/૩, જુલાઈ ૧૯૮૦, પૃ. ૧૩૩–૧૩૪.

૩. આ માટે કાર્ડોના વગેરે સંપાદિત 'ઈન્ડો-યુરપિઅન એન્ડ ઈન્ડો-યુરપિઅન્ઝ' (૧૯૭૦) જોઈ જવાથી પણ થોડોક ખ્યાલ આવશે. એ પુસ્તકમાંથી રૂસી પુરાવિદ મારિયા ગિમ્બુતાસના 'યુરોપની ઈસુ પૂર્વેની ચોથી–ત્રીજી સહસ્રાબ્દીની ટીંબા-કબર સંસ્કૃતિ અને તેનું ભારત-યુરોપીય ભાષાઓની સંસ્કૃતિ સાથેનું ગાઢ સામ્ય' એ વિષયના લેખમાંથી તથા ગુડઈનફના પ્રાગૈતિહાસિક રાની સંસ્કૃતિને લગતા લેખમાંથી કેટલાક મહત્ત્વના મુદ્દા 'ભાષાવિમર્શ', ૨/૧, જાન્યુઆરી ૧૯૭૯, પૃ. ૩૦-૩૪ ઉપર આપેલા છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(૨)

'પથિક' માસિકના ડિસે. '૮૧ના અંકમાં સિંધુલિપિ પર થયેલા કાર્યનો પરિચય આપી મૂલ્યાંકન કરતો શ્રી. અત્રિનો લેખ તથા ફાધર હેરાસ અને સિન્ધુલિપિ વિશેનો ડૉ. સાંકળિયાનો લેખ (મૂળ અંગ્રેજી લેખનો શ્રી. અત્રિનો અનુવાદ) પ્રકાશિત થયેલા છે. આ વિષયમાં વૈજ્ઞાનિક અભિગમ હોત અને અદ્યતન કાર્યને ધ્યાનમાં લીધું હોત તો શ્રી. અત્રિએ લીધેલો શ્રમ સાર્થક થાત. તેમના લેખમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ થયેલા કાર્ય અને ઊર્મિપ્રધાન અધ્ધર અટકળિયા પ્રયાસો વચ્ચે ઘટતો વિવેક નથી જળવાયો (તેમના જ ગુરુ ડૉ. સાંકળિયાએ ઉકેલપ્રયત્નોને જે ચાર વિભાગમાં વહેંચ્યા છે તે માર્ગદર્શક નીવડયું નથી). વિશેષ તો તેમણે સૌથી નબળા, નિરાધાર અને વૈજ્ઞાનિક પદ્ધતિના અભાવવાળા ડૉ. એમ. એન. ગુપ્તાના પ્રયાસને જે મહત્ત્વ આપ્યું છે તેથી તેમનું લખાણ ઘણું મૂલ્ય ગુમાવે છે. તેમણે તારવીને રજૂ કરેલી ડૉ. ગુપ્તાની ૪૦ અટકળોનું મુગ્ધ કલ્પનાઓથી અને નિરાધાર માન્યતાઓથી કશું વિશેષ મૂલ્ય છે કે કેમ તે આ વિષયથી પરિચિત વાચકો સહેજે જોઈ શકશે. પણ શ્રી. અત્રિએ લેખને અંતે જે લાગણીઓ અને માન્યતાઓ વ્યક્ત કરી છે તે ધ્યાનમાં લેતાં આપણે નક્કર તથ્યોને શોધતા ઇતિહાસના પ્રદેશમાં નહીં, પણ રોમેન્ટિક ભાવનાના પ્રદેશમાં હોવાની આપણને ખાતરી થાય છે.[૪] તેમણે શ્રી મહાદેવનના ને રાવના કામનો પરિચય આપ્યો છે તે ઉપયોગી છે, પણ પોતાનાં ગૃહીતોના આધારે જ બધા પ્રયાસો વિશે ટીકા કરી હોવાથી લેખ દુર્ભાગ્યે અંગત માન્યતાના પ્રતિબિંબ જેવો બની ગયો છે. ભાષાવૈજ્ઞાનિક અંગ્રેજી સંજ્ઞાઓ માટે તેમણે યોજેલી ગુજરાતી સંજ્ઞાઓ એ વિષયની સમજ બરાબર ન હોવાની છાપ પાડે છે.

ડૉ. સાંકળિયાના લેખમાં વિશેષ તો ફેરસર્વિસના કાર્યનો પરિચય અપાયો છે. પણ તેમનાં નીચેનાં વિધાનો (અનુવાદમાં) જુઓ :

---

૪. વૈદિક યુગના આર્યોની ભાષા અને ધાર્મિક માન્યતાઓ ઉપર સારો એવો દ્રાવિડી પ્રભાવ હોવાના સંગીન પુરાવા જાણીતા છે. આસ્કો પાર્પોલાની તો એવી કામચલાઉ ઉપસ્થાપના ('વર્કિંગ હાયપોથિસિસ') છે કે હડપ્પીય સંસ્કૃતિનો પ્રભાવ વૈદિક યુગમાં, પહેલાં આવેલા દાસો અને વ્રાત્યો એ અવૈદિક આર્યો દ્વારા પડ્યો હતો. વિભિન્ન સંસ્કૃતિના લોકો વચ્ચે સતત આદાનપ્રદાન થતું હોવાના એટલા બધા પુરાવા છે કે બધું આર્ય–આર્ય કરવાની મુગ્ધતા સહેજ પણ નભે તેમ નથી.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(૧) 'ફેરસર્વિસ પણ સંપૂર્ણ રીતે સભાન છે કે એમની કાર્યરીતિમાં એટલી જ ખામી છે કે એ પોતે દ્રાવિડીય ભાષાઓના વિદ્વાન નથી, એટલું જ નહિ પણ દક્ષિણ ભારતમાં બોલાતી બોલીઓનો ઉપયોગ પણ એમણે કર્યો નથી. તદુપરાંત પૂર્વ-દ્રાવિડીય[૫] અને સામ્પ્રત દ્રાવિડીય વચ્ચે કાળનો જબરજસ્ત ગાળો પડી ગયો છે.'

જો આમ હોય તો ફેરસર્વિસના ઉકેલો કઈ રીતે સહેજ પણ વિશ્વસનીય ગણી શકાય ?

(૨) 'કોઈ પણ હરપ્પીય ક્ષેત્રમાંથી દ્વિભાષી અભિલેખો ન મળવા છતાં હરપ્પીય લોકોનાં મન વાંચી લેવાનો ફેરસર્વિસનો પ્રયત્ન ખરેખર હિંમતભર્યો અને અભિનંદનીય છે.'

અભિનંદનીય ?

હકીકત એ છે કે સિન્ધુલિપિને લગતા સંશોધનનો જે હાલનો તબક્કો છે તે હજી પ્રાથમિક જ છે, અને તેમાં એકભાષી અભિલેખોની પ્રાચીન અજ્ઞાત લિપિને તપાસવાની વૈજ્ઞાનિક પદ્ધતિ કઈ તેના ઊહાપોહથી જે કાંઈ વિશેષ થઈ રહ્યું છે તેને અંગત માન્યતા અથવા તો ઓછીવધતી વૈજ્ઞાનિકતાવાળી અટકળો જ ગણી શકાય. આ પદ્ધતિઓનો પરિચય અપાયો હોત તો શ્રી. અત્રિનો લેખ ઇતિહાસરસિકોને વધુ ઉપયોગી થાત.[૬]

(૩)

૧૯૭૯માં પ્રકાશિત એક સંશોધનલેખમાં બી. બી. લાલે પ્રતીતિજનક પુરાવાઓ વિગતે આપીને બતાવ્યું છે કે સિંધુલિપિમાં મળતો એક સંકેત લોટા કે કળશની આકૃતિ ઉપરથી થયેલો છે, નહીં કે ફીની વિદ્વાનોએ માન્યું છે તેમ હોડીની આકૃતિ ઉપરથી, અથવા તો રૂસી વિદ્વાનોએ માન્યું છે તેમ પીપળાની આકૃતિ ઉપરથી. આથી જેઓ આ લિપિ માટે આકૃતિ ઉપરથી ઉચ્ચાર કે ધ્વનિ નક્કી કરવાના મતના છે તેમણે આધારભૂત માનેલી

---

૫. એટલે કે પ્રાગ્-દ્રાવિડીય કે આદ્ય દ્રાવિડીય (સંપા.)

૬. ઉકેલના સિદ્ધાંતો અને પદ્ધતિને લગતો અત્યંત મહત્ત્વનો લેખ ('સિન્ટેક્ટિક મેથડ્ઝ ઈન ધ સ્ટડી ઑવ ઈન્ડસ સ્ક્રિપ્ટ') ફિની વિદ્વાન કોસ્કેન્નિએમિએ હમણાં પ્રકાશિત કર્યો છે ('સ્ટુડિઆ ઓરિએન્ટેલિઆ' ૫૦, ૧૯૮૦, પૃ. ૧૨૫-૧૩૬). આસ્કો પાર્પોલાએ પણ તેમના ૧૯૭૬ના લેખમાં કેટલીક ચર્ચા કરી છે. એ લેખોનો પરિચય 'ભાષાવિમર્શ'ના આગામી અંકમાં આપવા ધાર્યો છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષામાંના 'લોટો', 'કળશ', 'પાત્ર' જેવાના વાચક શબ્દોનો આશ્રય લેવાનો રહે છે.

આ ઉપરથી જોઈ શકાશે કે એક જ સંકેતના અર્થઘટનમાં કેટલું બધું અટકળનું તત્ત્વ છે. અને આમાં આધારભૂત ભાષા કઈ તેની તદ્દન અનિશ્ચિતતા ભળે એટલે ઉકેલપ્રયાસો હવામાંના ગોળીબાર જેવા જ બની રહે.

લાલના આ લેખમાં ઉકેલપ્રયાસોની જે સંદર્ભસૂચિ આપી છે તે ઘણી ઉપયોગી જણાશે.

આસ્કો પાર્પોલા અને સિમો પાર્પોલાએ ૧૯૭૫માં પ્રકાશિત કરેલા એક લેખમાં ('ઑન ધ રિલેયૂશનશિપ ઑવ ધ સુમેરિઅન ટોપોનિમ્ઝ મેલુહ્હા ઍન્ડ સંસ્કૃત મ્લેચ્છ'–'સ્ટુડિઆ ઓરિએન્ટેલિઆ', ગ્રંથ ૪૬, પૃ. ૨૦૫–૨૩૮) ઈ. પૂ. સાતસોથી મળતા સંસ્કૃત મ્લેચ્છનો સંબંધ સુમેરી અભિલેખોમાં મળતા સ્થળનામ મેલુહ્હા સાથે જોડયો છે. પ્રાકૃતમાં मिलक्खु, मेच्छ વગેરે વિવિધ રૂપે તે મળે છે, અને તેની સંતોષકારક ભારત–યુરોપીય વ્યુત્પત્તિ આપી શકાઈ નથી. આ કારણે મ્લેચ્છ શબ્દ અનાર્ય મૂળનો હોવાની તેમણે અટકળ કરી છે.

ઈ. પૂ. ત્રીજી સહસ્રાબ્દીના પાછળના ગાળામાં અને બીજી સહસ્રાબ્દીના આગળના ગાળામાં મેસોપોટેમિઆનો દરિયાઈ વેપાર મુખ્યત્વે જે ત્રણ વિદેશોની સાથે હતો તેમનાં સ્થાનનિર્ણય અને ઓળખ બાબત હવે ઘણે અંશે વિદ્વાનો સંમત થયા છે. 'દિલમુન' એટલે ઇરાની અખાતના બેહરીન અને ફાઇલકા ટાપુઓની આસપાસની સંસ્કૃતિ; 'મગન' એટલે ઓમાન દ્વીપકલ્પ સહિતનો મકરાનનો કાંઠો; અને 'મેલુહ્હા' એટલે ગુજરાત અને પૂર્વી બલુચિસ્તાન સહિતના ઉત્તરપશ્ચિમ ભારતની સિંધુસંસ્કૃતિ.

बलूच કે बलोचનું मेलुह्हा અને म्लेच्छ સાથેનું ધ્વનિસામ્ય તથા આ વ્યુત્પત્તિના સમર્થનમાં દ્રાવિડી ભાષાની સામગ્રી પણ તેમણે આપેલી છે. આ સંદર્ભમાં હમણાં જ પ્રકાશિત શેરીન રત્નાગરનું પુસ્તક 'એન્કાઉન્ટર્ઝ, ધ વેસ્ટર્લી ટ્રેયૂડ ઑફ ધ હરપ્પન સિવિલિઝેયૂશન' ઘણું દ્યોતક છે.

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સંપાદકીય

પ્રસ્તુત અંકમાં પ્રકાશિત ખેડબ્રહ્મા વિસ્તારની એક ભીલી લોકકથા[1] 'એદયૂણ અને સેદયૂણ'નું લોકકથાઓના ઇતિહાસની દૃષ્ટિએ એ રીતે મહત્ત્વ છે કે તે પરાપૂર્વથી ભારતમાં અને વિશ્વમાં અન્યત્ર પ્રચલિત કથા 'ધ મેજિક બર્ડ' (કે 'બર્ડ–હાર્ટ')નું જ એક રૂપાંતર છે. એશિયામાં, યુરોપમાં તથા અન્યત્ર તેનાં સેંકડો રૂપાંતરો મળે છે, અને તેમની તુલના અને આંતરસંબંધોનો વિસ્તૃત અને ગહન અભ્યાસ થયો છે. આમાં પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય રૂપાંતરોનો પણ પ્રાપ્ત થયેલી નવી માહિતીને આધારે સમાવેશ કરવાનો રહે છે. 'જાતકકથા'માં તથા 'આવશ્યકચૂર્ણિ'માં આ કથાનાં મૂળ મળે છે. પછીથી 'ધર્મોપદેશમાલાવિવરણ' (નવમી શતાબ્દી,) ભોજની 'શૃંગારમંજરીકથા', રત્નપ્રભની 'ઉપદેશમાલાવૃત્તિ' વગેરે અનેક ગ્રંથોમાં તથા પચીશત્રીશ મધ્યકાલીન ગુજરાતી રાસાઓમાં તેનાં રૂપાંતરો મળે છે. (વિસ્તૃત અધ્યયન માટે તથા સંદર્ભસૂચિ માટે જુઓ, હ. ભાયાણી, 'શોધ અને સ્વાધ્યાય', પૃ. ૪૩–૭૪; 'લોકગુર્જરી', વર્ષ ૫ મું, પૃ. ૧–૨).

હમણાં જ જાણવા મળ્યું કે ફ્રાન્સમાંથી પ્રકાશિત થતા 'કોમ્યુનિકેશન્ઝ' નામક વિવેચન–સામયિકનો એક આગામી અંક આ કથાપ્રકૃતિના વિવિધ પ્રદેશોમાં મળતાં પ્રકારો, ઉપપ્રકારો, રૂપાંતરો વગેરે વિશે નીકળવાનો છે. આ ઉપરથી પ્રસ્તુત લોકકથાના મહત્ત્વનો ખ્યાલ આવશે.

કથાનાં અન્ય પાસાંઓનું મહત્ત્વ પણ ઓછું નથી.[1]

---

૧. આ પૂર્વે પણ 'ભાષાવિમર્શ', ૩/૧, પૃ. ૧–૧૫ ઉપર શાન્તિભાઈ આચાર્ય દ્વારા સંપાદિત અને વિશ્લેષિત પોશીનાપટ્ટાની બીજી એક ભીલી લોકકથા પ્રકાશિત થઈ ચૂકી છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

With Best Compliments From...

ALWAYS INSIST ON RUSTOM FABRICS

* **100% Polyester Printed Shirting and Dress Materials**
* **Wash & Wear Dyed Poplins & Prints**
* **Fancy Screen Print, Poplins, Cambrics etc.**
* **" RUSCORISED " (PRE - SHRUNK) Poplins, Checks, Dyed Merc.**

: Authorised Retail Shop :

V & U, Ashram Road, Ahmedabad - 380 009

RUSTOM MILLS
&
INDUSTRIES LTD.

P. B. No. 131, AHMEDABAD - 380 001

Gram : " Uplit "
Telex : 012-489

Tele. : 24327
& 24328

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત
હરિ ૐ આશ્રમ પ્રેરિત નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા
નવી પ્રગટ થયેલી પાંચ ચોપડીઓ

ડિંગડૉંગ ડિંગડૉંગ લે. યોસેફ મેકવાન	બાળકાવ્યો	[રૂ. ૨–૦૦
એનઘેન દીવાઘેન લે. ધીરેન્દ્રસિંહ રાઠોડ	શ્રી ઉશનસ્‌ના આવકાર સાથેનાં ૩૪ શિશુકાવ્યો	[રૂ. ૩૦૦
ઝૂનઝૂન ઝૂ ઝૂમખલા ઝૂ લે. ઇન્દુ પુવાર	બાળકળાકારોએ ખૂબ જ સફળતાથી ભજવેલું બાળનાટક	[રૂ. ૪–૦૦
પ્રેરણાની પરબ લે. મુકુલભાઈ કલાર્થી	૧૭ પ્રેરણાત્મક પ્રસંગો અને બાળભોગ્ય વાતો	[રૂ. ૪–૦૦
કોઈનું કંઈ ખોવાય છે લે. હરિકૃષ્ણ પાઠક	બાળકોને મોઢે ચઢી જાય તેવાં ૨૩ શિશુકાવ્યો	[રૂ. ૧–૫૦

આ ઉપરાંત અગાઉ પ્રગટ થયેલી અને અત્યારે મળી શકતી આ ગ્રંથમાળાની પાંચ ચોપડીઓ :

ગપ્પાં ગાડી લે. સુધીર દેસાઈ	૨૫ બાળકાવ્યોનો સંગ્રહ	[રૂ. ૨–૨૫]
ઉજાણી લે. સ્નેહરશ્મિ	૨૦ બાળકાવ્યોનો સચિત્ર સંગ્રહ	[રૂ. ૪–૦૦]
તરાપો લે. સ્નેહરશ્મિ	૪૮ બાળકાવ્યોનો સચિત્ર સંગ્રહ	[રૂ. ૭–૦૦]
ચીં લે. રમેશ પારેખ	૨૮ બાળકાવ્યોનો સંગ્રહ	[રૂ. ૩–૦૦]
ઝુમ્મક ઝુમ્મક લે. રવીન્દ્ર ઠાકોર	૩૯ બાળકાવ્યોનો સંગ્રહ	[રૂ. ૩–૦૦]

નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળાની અત્યાર સુધીમાં કુલ ૩૩ ચોપડીઓ ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પ્રગટ થઈ છે તેમાંથી અત્યારે આટલી જ મળે છે. વિગતો માટે સંપર્ક સાધો :

ગુજરાતી સાહિત્ય પરિષદ

આશ્રમ માર્ગ, નદીકિનારે, પો. બો. નં. ૪૦૬૦

અમદાવાદ – ૩૮૦૦૦૯

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ગુજરાતી સાહિત્ય પરિષદના મહત્ત્વનાં પ્રકાશનો

ગદ્યસંચય ૧–૨ સંપાદકો : ઉપેન્દ્ર પંડ્યા, પ્રમોદકુમાર પટેલ, રૂ. ૬૨–૦૦
યશવન્ત શુક્લ, પ્રવીણ દરજી

રણજિતરામ ગદ્યસંચય ૧–૨ રણજિતરામ મહેતા રૂ. ૮૫–૦૦

વીક્ષા અને નિરીક્ષા નગીનદાસ પારેખ રૂ. ૩૦–૦૦

આનંદવર્ધનનો ધ્વનિવિચાર સંપા૦ નગીનદાસ પારેખ રૂ. ૪૦–૦૦

કાવ્ય સંચય ૧–૨–૩ સંપાદકો : અનંતરાય રાવળ, હીરાબેન રૂ. ૭૫–૦૦
પાઠક, ધીરુભાઈ ઠાકર, વ્રજલાલ દવે, રમણલાલ જોશી, જયંત પાઠક

ઉર્દૂ સાહિત્ય અને ગુજરાત સંપા૦ રઘુવીર ચૌધરી રૂ. ૨૫–૦૦

લોકસાહિત્ય સંપાદકો : પ્રભાશંકર તેરૈયા, નરોત્તમ પલાણ રૂ. ૧૨–૦૦

પૂર્વવાહિની જ્યોતિ થાનકી રૂ. ૧૮–૦૦

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ૨–૩–૪ રૂ. ૮૨–૦૦
સંપાદકો : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવન્ત શુક્લ
સહાયક સંપા૦ : ચિમનલાલ ત્રિવેદી

પરિષદ-પ્રમુખોનાં ભાષણો ૧–૨ રૂ. ૧૦૦–૦૦

ટ્રેજિડી : સાહિત્યમાં ને જીવનમાં ચી. ના. પટેલ રૂ. ૧૮–૦૦

સાહિત્ય અને પત્રકારિત્વ સંપા૦ કુમારપાળ દેસાઈ રૂ. ૧૫–૦૦

સાહિત્ય આસ્વાદ સંપા૦ હીરાબેન પાઠક, ચિમનલાલ ત્રિવેદી રૂ. ૯–૦૦

ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ સંપા૦ રામપ્રસાદ બક્ષી, રૂ. ૧૦–૭૫
રમણલાલ જોશી

પંચતંત્ર સંપા૦–અનુ૦ ભોગીલાલ સાંડેસરા રૂ. ૧૯–૨૫

પ્રગતિને પંથે મૃણાલિની દેસાઈ રૂ. ૧૨–૦૦

ઐતિહાસિક સંશોધન દુર્ગાશંકર શાસ્ત્રી રૂ. ૨૭–૨૫

પ્રેમાનંદનાં ત્રણ આખ્યાનો સંપાદકો : કે. કા. શાસ્ત્રી, રૂ. ૨૭–૦૦
ચૈતન્યબાળા દિવેટિયા

મિસરનું પ્રાચીન સાહિત્ય ચંદ્રશંકર પ્રા. શુક્લ રૂ. ૧૦–૦૦

નર્મદ શતાબ્દી ગ્રંથ સંપા૦ જ્યોતીન્દ્ર દવે, વિજયરાય વૈદ્ય રૂ. ૩૨–૫૦

આ ગ્રંથોની વિગત, વરદી તેમ જ પરિષદનાં અન્ય પ્રકાશનો માટે સંપર્ક સાધો :

પ્રકાશન વિભાગ

ગુજરાતી સાહિત્ય પરિષદ

આશ્રમ માર્ગ, નદીકિનારે, પો. બો. નં. ૪૦૧૦, **અમદાવાદ – ૩૮૦૦૦૯**

[ફોન : ૭૭૯૪૭]

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જો શબ્દનો જ્યોતિ સર્વત્ર પ્રકાશતો ન હોય તો આખું ય વિશ્વ અંધકારમય બની જાય.

—દંડી



શુભેચ્છક

કનુભાઈ એન્જિનિયર્સ પ્રા. લિ૦

૩, મેંગો લેન, કલકત્તા-૭૦૦ ૦૦૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

OBM/1243 GUJR

"અરે, ફેવિકોલ હોય પછી ઢીંગલી બનાવવામાં કેટલી વાર!"

ધંધાદારી કારીગરોની પ્રથમ પસંદગી પામેલું આ ફેવિકોલ આપ પણ આવાં અનેક કામ માટે સદા હાથવગું જ રાખો. ગમે ત્યારે ફેવિકોલની જરૂર પડવાની જ!

ઑલ ઈન્ડિયા હૅન્ડીક્રાફ્ટ ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ તેમજ હસ્તકલાની અન્ય સંસ્થાઓમાં ફેવિકોલ વધુને વધુ પ્રમાણમાં વપરાય છે.

ફેવિકોલ વડે આપ ફાવે તે ચોંટાડો:

- કાગળ • થર્મોકોલ • લાકડું • કાપડ
- માટીની ચીજ-વસ્તુઓ • આભલાં ને

એવી ઘણીખરી વસ્તુઓને ફેવિકોલ સિન્થેટિક રેઝિન એડ્હેસિવ જલદી અને મજબૂત રીતે ચોંટાડી દે છે.

કામ પણ દરેક વખતે જુઓ તો સ્વચ્છ, સુઘડ, સુંદર ને સફાઈદાર!

Courtesy: AIHTT.C.

વાપરવા અને જોવા માટે સર્વોત્તમ

®

ફેવિકોલ

કારીગરોનું માનીતું અજોડ એડ્હેસિવ.

® આ અને ફેવિકોલ બ્રાન્ડ, બન્નેયે પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, પો. બૉ. નં. ૧૧૦૮૪, મુંબઇ-૪૦૦ ૦૨૦ના રજિસ્ટર્ડ ટ્રેડ માર્ક્સ છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આપણે સૌ ભારતીય છીએ

- કૈલાં સદ્માર્ગે અનુસરીએ।
પરસ્પર વફાદાર રહીએ।
એકબીજાના ઘાતક ન બનીએ।
હિંસા ન આચરીએ।
બીજાના દૃષ્ટિબિંદુને સમજીએ।
અને સંગઠિત બનીએ॥

ઋગ્વેદ



દુનિયાની સાત વ્યક્તિઓમાં
એક ભારતીય છે.
વિભિન્ન જાતિઓમાં વહેંચાયેલ છતાં
આપણે એક પ્રજા છીએ.
ભારતીય હોવાનું આપણને ગૌરવ છે.

[illegible]

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

લોકકલા શ્રેણી-૪-માતાની પછેડી.

ગુજરાતમાં સાબરમતીને કાંઠે પછાત કોમના લોકો વર્ષોથી માતાની પછેડી રંગતા આવ્યા છે. પછેડીના રેખાંકનમાં કપડાના મધ્યમાં જોગણી, અંબામાતા, બહુચરા, ભદ્રકાલી, કાળકા,ચામુંડા અને ખોડિયાર , એમ સાત માતાજીમાંથી કોઈ પણ એકની આકૃતિ આલેખી હોય છે. માતાજી તેના વાહન પર વિરાજમાન હોય છે અને તેની આજુબાજુ દેવો અને ભક્તજનોનાં ચિત્રો હોય છે. મૂળે પૂજા વેળાએ માતાની મૂર્તિની પાર્શ્વભૂમાં રાખવામાં આવતી પછેડી હવે તો ઘરે ઘરે બેઠકખંડમાં ભીંત-શણગાર માટે વપરાતી થઈ ગઈ છે.

પછેડી ચિત્રકૌશલ્ય તેના લોહી જેવો ઘટ્ટ લાલ, મેશ જેવો કાળો અને સફેદ રંગો થકી એક નોખી અને અનેરી ભાત પાડે છે. દેશી હાથવણાટ અથવા મિલનું એ કાપડ પછેડી બનાવવા વપરાય છે, કારણ કે રંગ ચડાવવામાં સરળ બને છે. કાટ ખાયેલા લોખંડને ખૂબ તપાવી ગોળના પાણીમાં આઠ દિવસ સુધી ખુલ્લામાં તડકા નીચે રાખવામાં આવે છે લોખંડ ધીરે ધીરે પીગળી જતાં તેમાં કચુકાનો લોટ નાખી મિશ્રણ બનાવાય છે, જે રંગ તરીકે વપરાય છે.

આજે અતુલમાં-તરેહ તરેહનાં રંગ દ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવ સર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે.

આ ઉપરાંત અતુલ ડાઈ ઈન્ટરમીડિએટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઓપ્ટિકલ વ્હાઈટનીંગ એજંટ બનાવી શકાય છે.

"રંગે રાસાયણિક, આધુનિક સૌ ચીજો સોહાય,
'અતુલ'ના સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

ધી અતુલ પ્રૉડક્ટ્સ લિ.
અતુલ-વિરાટ રાસાયણિક સંકુલ
પો. ઑ. અતુલ, જિલ્લો : વલસાડ-૩૯૬૦૨૦
ગુજરાત (ભારત)
ફોન : ૬૧ તાર : "TULA" અતુલ
ટેલેક્સ : "૦૧૭૩-૨૩૨ અતુલ ઇન"

રંગાઈનો કસબ અને આપણો સાંસ્કૃતિક વારસો



Adroit-1366

For Private and Personal Use Only